






Late Bhavsar Devchandbhai Muljibhai Talajiya
Late Bhavsar Khamalaxmi Devchandbhai Talajiya

# Ankur

School for intellectual disable children

# *Expanding Horizon*

45th Annual Report 2024-25

# Board of Trustees



**Shri Anantrai K. Shah (Bababhai)**
**Managing Trustee**



**Shri Vinod N. Hakani**
**Trustee**



**Shri Alpeshbhai K. Sheth**
**Trustee**



**Shri Dhirubhai J. Dhandhukiya**
**Trustee**



**Shri Devalbhai J. Shah**
**Trustee**



**Shri Parasbhai C. Shah**
**Trustee**



**Shri Rajeshbhai N. Hakani**
**Trustee**



**Shri Prakashbhai N. Desai**
**Trustee**



**Shri Uday H. Bhatt**
**Trustee**



**Shri Naredrabhai K. Shah**
**Trustee**



**Shri Harshadbhai C. Sheth**
**Trustee**

Late Bhavsar Devchandbhai Muljibhai Talajiya
Late Bhavsar Khamalaxmi Devchandbhai Talajiya

# Ankur

## School for intellectual disable children



# *Expanding Horizon*

## 45rd Annual Report 2024-25

**Mentor** : Shri Vinod Hakani

**Editing** : Shri Arif Jethava
Shri Shashikant Vadiya

**Integration** : Shri Meghjikhan Saybani
Smt. Nehal Gadhavi

**Graphics** : Shri Mayur Rathod

***VISION:***

***To bring wellness in the life of mentally retarded children to enable them to become self dependent and socially participative.***

***MISSION:***

***To bring about improvement in the life of mentally challenged children and nurture and energize them by providing a wide range of unique vocational training, practical learning and qualitative services which may empower them to meet their special needs***

***VALUES :***

***To strive for the inclusion of all individuals with Intellectual Disability by maximizing their potential.***

## LEGAL STATUS

- Trust Register No. E-459 Date : 25-01-1980
- R.P.D. Act 2016 Register No. 72/97
- National Trust Register No. GANK/15510466624 Date : 13/02/2017
- PAN No. AAATA2757Q
- Foreign Contribution Regulation Act Register No. 041980062 Date. : 27/01/2009
- Donation is tax free under Section 80G of the Income Tax Act
  No. DIT(E)/80G(5)/1090/0607
- C.S.R. Registration No. CSR00001417
- GST IN : 24AAATA2757Q1ZG

## CONTACT US


**'Ankur' School for Intellectual Disable Children**

Plot No. 1945, Near Working Women's Hostel, Sardarnagar Circle,
Bhavnagar - 364 002 (Gujarat - India)
Phone: (0278) 2566956

info@ankurschool.org, ankurmrschool.bvn@gmail.com

https://www.ankurschoolbvn.org

http://www.facebook.com/AnkurmrSchoolforMentalyRetardedChildren

https://www.instagram.com/ankurschool.bvn

https://www.linked.com/in/ankurmrschool-bhavnagar-908aa285

https://youtube.com/shorts/1UZk7p9R8_w?feature=share

Shri Alpeshbhai Sheth (Hon. Secretary) Mo. +919925537878
E-mail : alpesh7878@gmail.com

# Index


Sr. No. Particular Page No.

1. Academic Highlights ..............................7
2. Meetings ............................................14
3. Achievements, Celebrations, Awards, Games, cultural activity, Incidents and others.......................................... 16
4. Shri D.k. Ajmera Foubdation and Smt. Bhanumati Vadilal Chatrabhuj Gandhi “BHANUVADI” Vocational training center .................................. 29
5. Various Projects run by the School For The Welfare of Children ..................... 33

6. The National Trust................................. 35

7. Late shri Shashikant Sakarlal Velani Teachers training college for (IDD)...................... 37

8. Visitors.................................................. 42

9. We are grateful.................................. 44

10 Ankur Parivar........................................47

- Requirements for institute ......................................48
- Appeal for Donation.....................50
- Homage.......................................51
- Audit Report ...............................52


# અનુક્રમણિકા


ક્રમ વિગત પાના નં.

૧. એકેડેમિક હાઈલાઈટ્સ ...........................૭

૨. મીટિંગ્સ ..........................................૧૪

૩. સિધ્ધિઓ, પ્રસંગો, એવોર્ડ, રમત-ગમત, કલ્ચરલ એકિટવિટી તથા...................................૧૬

૪. શ્રી ડી. કે. અજમેરા ફાઉન્ડેશન શ્રીમતી ભાનુમતિ વાડીલાલ ચત્રભુજ ગાંધી ભાનુવાડી વોકેશન ટ્રેઈનિંગ સેન્ટર................................................૨૯

૫. વિદ્યાર્થીઓનાં ઉત્કર્ષ માટે સંસ્થામાં ચલાવવામાં આવતાં વિવિધ સપોર્ટિવ વેલ્ફેર પ્રોજેક્ટ........૩૩

૬. ધ નેશનલ ટ્રસ્ટ...................................૩૫

૭. સ્વ. શ્રી શશીકાંત સાકરલાલ વેલાણી ટીચર્સ ટ્રેઈનિંગ કોલેજ ફોર સ્પેશ્યલ એજ્યુકેશન (આઈ.ડી.ડી.)........................................૩૭

૮. મુલાકાતીશ્રીઓ ...................................૪૨

૯. ઋણ સ્વિકાર ....................................૪૪

૧૦. અંકુર પરિવાર....................................૪૭

- સંસ્થાની જરૂરિયાત.........................૪૮
- દાનની અપીલ .............................૫૦
- દિવ્યાંજલી .................................૫૧
- ઓડિટ રીપોર્ટ .............................૫૨

## From the Desk of President

We are pleased to present with salutation, annual report of ANKUR for the academic year 2024-2025 on behalf of the board of trustees; to the all dedicated members of Ankur cernFamily, Donors, workers, staff members and beneficiaries.

Parents who enter our campus have child in their hand with great grief on their eyes with only concern in their mind, what would be the fate of this ill-lucked and innocent child after their death. This concern fills their heart with the grief and sadness which has no answer. Our institute is co-sharer in their grief. Having their own home for the children of Ankur is not far away. One own home far of from existing home i.e. Residential hostel for mentally disabled children. Our efforts for hostel Project since last 3 years has now earned the fruits.

We are very happy to inform you all that with grace of NATURE/GOD, philanthropy from our Donors and untiered efforts by Main Pillar of this Project Su.shri Nehalben Gadhvi and Dashing secretary shri Alpeshbhai Sheth, shri Rajubhai Hakani and others have resulted in completing a deal of Land purchase for Hostel. Our Managing trustee shri Bababhai has given his blessings for the project. On the aupiciou day of " KEVDA TREEJ" 26th August 2025, saledeed and Registration of the Deed has been completed. Now we are on the way of planning of ideal residential school and there after phase wise construction. This is indeed a Big project having huge budget. We soloicit co operation and involvment of all members and trustees.

This present Report is reflection of progress of ANKUR having Multi-Dimentional activities. Instead of traditional education, creativity, originality, continuous moving efforts,dedication and with the theme of " Vocal for Local" and professional Management has embodied concept human respect in the institute. Due to this approach, instead of charity model, social acceptance for mentally Disabled persons has emerged. In this concept contribution of vocational center is great.

## પ્રમુખની કલમેથી...

બોર્ડ ઓફ ટ્રસ્ટીજ વતી સંસ્થા પરિવારના સર્વે સમર્પિત કાર્યકર્તાઓ, સ્ટાફ મેમ્બર્સ, લાભાર્થીઓ, સ્ટેક હોલ્ડર્સ, દાતાશ્રીઓ તથા અભિભાવકોના અભિવાદન સાથે વર્ષ ૨૦૨૪-૨૫નો વૃત્તાંત આપની સમક્ષ મુકતા અમને આનંદ થાય છે.

આંગળીએ બાળક અને આંખોમાં વિષાદ સાથે આવતા વ્યથિત મા-બાપની કાળજુ કોરીખાતી એકજ ચિંતા હોય છે કે તેમની હયાતિ પછી તેના હતભાગી અબુધ બાળકનુ શું થશે ?

સંસ્થા તેમની અવ્યકત પીડા અને ભારેલી વ્યથામાં સહભાગી છે. અંકુરના બાળકોને પોતાનું ઘર નથી. ઘરથી દૂર એક પોતાના ઘર માટે રેસિડેન્શ્યલ હોસ્ટેલ પ્રોજેકટ માટે છેલ્લા ૩ વર્ષથી ચાલતા પ્રયત્નો આખરે ફળિભુત થયા છે.

આપને જણાવતા આનંદ થાય છે કે કુદરતની કૃપા, દાતાઓના ઔદાર્ય અને આ મેગા પ્રોજેકટનાં આધારસ્તંભ સુશ્રી નેહલબેન ગઢવી તથા ડેશિંગ સેક્રેટરી શ્રી અલ્પેશભાઈ શેઠ, શ્રી રાજુભાઈ હકાણી વિગેરેના અથાગ પ્રયત્નોથી આખરે આપણે જમીન ખરીદીની ડીલ ફાઈનલ કરી છે જેમાં મેનેજિંગ ટ્રસ્ટી અને માર્ગદર્શક શ્રી બાબાભાઈના આર્શિવાદ પ્રાપ્ત થયા છે. તા. ૨૬/૦૮/૨૦૨૫ કેવડાત્રીજના શુભ દિવસે જમીનનો દસ્તાવેજ અને રજીસ્ટ્રેશનની વિધિ સંપન્ન થઈ. હવે આદર્શ આવાસિય શાળા માટે પ્લાનિંગ અને તબક્કાવાર બાંધકામની પૂર્વ તૈયારી ચાલી રહી છે. બહુ મોટા બજેટના આ કદાવર પ્રકલ્પ માટે બધા ટ્રસ્ટીશ્રી તથા મેમ્બરો ના સામુહિક સહયોગની અપેક્ષા છે.

આ અહેવાલ મલ્ટી ડાયેમન્શનલ એક્ટિવિટીથી ધમધમતા અંકુરની વિકાસકૂચનુ પ્રતિબિંબ છે. રૂઢિગત શિક્ષણના સ્થાને સર્જનાત્મકતા, મૌલિકતા, ગતિશિલતા, પ્રતિબધ્ધતા અને વોકલ ફોર લોકલના આયામ સાથે પ્રોફેશનલ મેનેજમેન્ટ અને માનવિય ગરિમાનો અહીં સમન્વય છે. જેથી દિવ્યાંગો પ્રત્યે ચેરિટી મોડેલને બદલે તેની સામાજિક સ્વિકૃતિનો વ્યાપ વધ્યો છે તેમાં વોકેશનલ સેન્ટરે ચાવીરૂપ ભૂમિકા ભજવી છે.

Thanks to HOD of vocational center Su.Shri Nehalben Gadhvi who is also Brand Ambassador, Resource Person, and spokes Person for Ankur, our Vocational center has achieved new heights and has established new Records in very short period. Sale of the center was 11,95,000/- in the year 2021-2022 has jumped to 39,21,000 in the year 2024-2025.

We are pleased to Inform You that during first term of current year we have received order of more than 1 crore which has established a new record we have now registered our center for GST also.

To produce such a huge quantity items in given time limit, it's labeling, Packing, delivery and coordination of all activities and follow up is not a small task. All trainee students, parents, teachers toiled a lot without caring for home or holiday. All worked in Sundays and holidays to achieve the goal as a team and demonstrated best example of team work. All Credit of this goes to our HOD Su,shri Nehalben Gadhvi who is also digital creator, Social Activist, well known motivational speaker and influencer. Kudos toNehalben and Shri Devalbhai Shah whose liason has helped ankur, its donors and well wishers to expand their Horizon.

Our performance in other fields is also very good. Under the leadership of our Hon. Secretary (Edu) Shri Dhndhukiya sir and Dr.Bhavikaben Kamdar our TTC (Teachers Training College) has more demand of Admission than approved capacity. Results of College are also encouraging. Placement percentage of passed students is also very good.

More and more students of our school have participated in KHEL MAHA KUMBH, Drawing competition, cultural program, yoga and various sports competition of state level. Our school has proud previlage to earn many medels and rewards. Grasping power of our students is improved due to use of smart Board, Tablet, Mobile, computer etc Digital medium.

We provide auto ( Transport ) subsidy, uniform, nutrional snacks, other useful things and Rationkit also

**અંકુરના પ્રવકતા, રિસોર્સ પરસન, બ્રાંડ એમ્બેસેડર એવા વોકેશનલ સ્કિલ ડેવલપમેન્ટના HOD સુશ્રી નેહલબેન ગઢવીના વડપણ હેઠળ કાર્યરત એડલ્ટ ઈન્ડીપેન્ડન્ટ લિવિંગ સેન્ટરે બહુ ટૂંકા સમયમાં નવા કીર્તિમાન સ્થાપ્યા છે. હજુતો વર્ષ ૨૦૨૧-૨૨માં રૂા.૧૧,૯૫,૦૦૦/- નું વેચાણ હતુ જે ૨૦૨૪-૨૫માં ઉછળીને રૂા.૩૯,૨૧,૦૦૦/- થયુ છે...!**

**આપને જાણીને આનંદ થશે કે ચાલુ વર્ષની પહેલી ટર્મ માં જ રૂપિયા એક કરોડ ઉપરાંતનો ઓર્ડર મેળવી નવો રેકર્ડ સ્થાપ્યો છે પરિણામે આપણે GST રજીસ્ટ્રેશન પણ મેળવ્યું છે.**

**આટલી મોટી કવોન્ટીટી નું નિર્ધારિત સમયમાં ઉત્પાદન, લેબલીંગ, પેકીંગ, ડીલીવરી તમામનું સંકલન અને ફોલોઅપનું કામ નાનુસુનુ નથી. તાલીમી છાત્રો, વાલીઓ, શિક્ષકોએ વાર-તહેવાર કે રજા જોયા વિના ચેનલબધ્ધ કામ કરી ટીમવર્કનું શ્રેષ્ઠ ઉદાહરણ પુરૂ પાડયુ છે. જેનો યશ ડીજીટલ ક્રિયેટર, સોશ્યલ એક્ટિવિસ્ટ અને જાણીતા ઈન્ફ્લ્યુએન્સર તથા પ્રભાવક વકતા એવા પ્રોજેકટ લીડર સુશ્રી નેહલબેન ગઢવીને જાય છે. તેમને અભિનંદન તેમના તથા શ્રી દેવલભાઈ શાહના લાયેઝનને કારણે અંકુરના દાતાઓ શુભેચ્છકોની ક્ષિતિજ વિસ્તરી રહી છે.**

**સંસ્થાનું અન્ય ફિલ્ડમાં પણ સારૂ પરફોર્મન્સ રહ્યુ છે. ડૉ. ભાવિકાબેન કામદાર અને શિક્ષણ મંત્રી શ્રી ધંધુકિયાના વડપણ હેઠળ ટીચર્સ ટ્રેઈનીંગ કોલેજમાં એડમિશન માટે સીલીંગ કરતા વધુ ડિમાંડ રહે છે. કોલેજના પરિણામો ઉત્સાહજનક અને અભિનંદનિય રહ્યા છે, સાથે સફળ વિદ્યાર્થીઓનું જોબ પ્લેસમેન્ટનું પ્રમાણ પણ સારુ છે.**

**વધુ ને વધુ સંખ્યામાં શાળાના બાળકોએ ખેલ મહાકુંભ, ચિત્ર સ્પર્ધા, કલ્ચરલ, યોગ વગેરે ક્ષેત્રે વિવિધ રાજ્યોની સ્પર્ધામાં સંખ્યાબંધ પુરસ્કાર, મેડલ જીતીને સંસ્થાને ગૌરવ અપાવ્યું છે. સ્માર્ટ બોર્ડ, ટેબલેટ, મોબાઈલ, કોમ્પ્યુટરના ડીજીટલ માધ્યમથી બાળકોની ગ્રહણ શકિત વધી છે.**

**બાળકો તથા સ્ટાફના વેલ્ફેર અંગે પણ મેનેજમેન્ટ જાગૃત**

to needy students. We have also arranged tiffin lunch for some needy students. Our hard working and dedicated principal shri Meghjikhan Saybani has taken care to provide to all students certification, UDID Regestration, Railway Concession, ID Card, Niramaya Policy, Legal Guardianship, Medical Checkup, National Trust scheme, and other benefits under various schemes of State Government Schemes.

True credit of this vibrant progress of ANKUR goes to our Visionary Managing Trustee Shri Bababhai who at the age of 90, with zeal and enthusiasum guides and lead the institute.

Dedicated and hard working Secreatary Shri Alpeshbhai Sheth, Edu. Secretary Shri D.J. Dhandhukiya, Presedent shri Vinodbhai Hakani, Shri Parasbhai Shah, workoholik Principal shri Meghjikhan Saybani, Su, Shri Nehalben Gadhvi who performs in many fields without any expectations and all staff members have contributed to this vibrant progress of Ankur. Our parent body P.N.R. Society, Shri Prakashbhai Desai and Mumbai Commettee, trustees, executive committee members, Donors and all who have contributed in this “YGANA” Directly or indirectly are our co-owners of this vibrant progress of Ankur. We thank them all and will be obliged for ever.

Institute offers feelling of gratitude for all. We cordially invite to visit personally this “YAGNA SHALA” Land of committed work.

Your suggestions, feedback are always welcomed and we await for the same.

DHANYAVAD….!

છે. સ્ટાફના પગારમાં પ્રતિવર્ષની જેમ ખાસ્સો વધારો કરવામાં આવ્યો છે તેમજ સ્ટાફ વેલ્ફેર ફંડમાંથી મહત્તમ સહાય આપવામાં આવી છે.

શાળાના બાળકોને રીક્ષા સહાય, ટ્રાંસપોર્ટેશન, યુનિફોર્મ, પોષણયુકત નાસ્તો, વિવિધ ઉપયોગી વસ્તુઓ અને રેશનકિટ આપવામાં આવ્યા છે. કેટલાંક બાળકો માટે ટિફિન ભોજનની પણ સંસ્થા દ્વારા વ્યવસ્થા કરવામાં આવેલ છે. બધા બાળકોના સર્ટિફિકેશન, UDID રજીસ્ટ્રેશન, રેલ્વે કન્સેશન ID કાર્ડ, નિરામય પોલિસી, લીગલ ગાર્ડિઅનશીપ, મેડિકલ ચેકઅપ, નેશનલ ટ્રસ્ટ સ્કીમ તથા રાજય સરકારની યોજના હેઠળના લાભો માટે સબમિશનની સુંદર કામગીરી કર્મનિષ્ઠ પ્રિન્સીપાલ શ્રી મેઘજીખાન સાયબાણી દ્વારા કરવામાં આવી છે.

વાયબ્રંટ અંકુરની હરણફાળ પ્રગતિના યશના અધિકારી છે સંસ્થાના સુત્રધાર વિજનરી મેનેજિંગ ટ્રસ્ટી શ્રી માનનીય બાબાભાઈ. ૯૦ વર્ષની ઉમરે પણ તેઓ યુવાનના જુસ્સાથી સંસ્થાનું સક્રિય નેતૃત્વ કરી માર્ગદર્શન આપતા રહ્યા છે.

કર્મઠ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠ, શ્રી ડી. જે. ધંધુકિયા, પ્રમુખ શ્રી વિનુભાઈ હકાણી, શ્રી દેવલભાઈ શાહ, શ્રી રાજેશભાઈ હકાણી, શ્રી પારસભાઈ શાહ, વર્કોહોલિક આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણી, કશી અપેક્ષા વિના અનેકવિધ કામગીરી સંભાળતા કર્મયોગી સુશ્રી નેહલબેન ગઢવી અને તમામ સ્ટાફ પરિવારનું પ્રશંસનિય યોગદાન છે. પેરન્ટબોડી પી.એન.આર. સોસાયટી, શ્રી પ્રકાશભાઈ દેસાઈ સહિત મુંબઈ કમિટિ તથા સર્વે ટ્રસ્ટી, કારોબારી સભ્યો, દાતાશ્રીઓના પ્રત્યક્ષ, પરોક્ષ સહયોગ માટે અમે સૌના ઋણી છીએ. આ યજ્ઞશાળાની પ્રત્યક્ષ મુલાકાત અને આપના મંતવ્યો આવકારીએ છીએ...

અસ્તુ...

**Shri Anantray K Shah (Bababhai)**
Managing Trustee

| **Vinod N. Hakani** | **Alpesh K. Sheth** | **D. J. Dhandhukiya** |
|---|---|---|
| President | Hon. Secretary (Admin) | Hon. Secretary (Education) |

# 1. Academic Highlights

# ૧. ઍકેડેમિક હાઇલાઇટ્સ



| ક્રમ | વર્ષ | બાલવાટીકા | | | શાળા | | | વોકેશનલ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | છોકરા | છોકરી | કુલ | છોકરા | છોકરી | કુલ | છોકરા | છોકરી | કુલ | ટોટલ |
| ૧ | ૨૦૨૨-૨૩ | - | - | - | ૧૨૪ | ૪૧ | ૧૬૫ | ૪૬ | ૧૫ | ૬૧ | ૨૨૬ |
| ૨ | ૨૦૨૩-૨૪ | ૦૭ | ૦૪ | ૧૧ | ૧૨૨ | ૪૩ | ૧૬૩ | ૪૬ | ૧૩ | ૫૯ | ૨૩૩ |
| ૩ | ૨૦૨૪-૨૫ | ૦૬ | ૦૭ | ૧૩ | ૧૨૭ | ૪૩ | ૧૭૧ | ૬૦ | ૧૪ | ૭૪ | ૨૫૮ |

## અંકુર એક પ્રયાસ છે 'સ્વ' ની ઓળખનો...અંકુર એક યાત્રા છે શૂન્યમાંથી સર્જન કરવાની...

Ankur is a special life school which is trying to establish socially neglected, mentally disabled children in the society by making them self dependent since last 45 years. The journey to rehbitate such children who have less capacity to learn, in their families, society is still going on.  Cotraveller of this journey are, dedicated trustees, devoted teachers, and Donors of school who are pillars of the institute and mentally disabled children for whom we are doing all these activities. There is no end to this journey but there are milestones and Ankur has crossed so many mile stones. The journey will continue with the co operation of you all.

- The school provides special training to mentally retarded children by combining the standard curriculum for normal and mentally retarded children and classifying them according to the standard, keeping in mind their IQ level and physical age.
- Under the leadership of Hon. Sec. (Edu) shri D. J. Dhandhukiya, Kindergarten section has been started in the school. Manodivyang children of the age of 2.5 years to 6 years are admitted in this

અંકુર એક એવી જીવનશાળા છે જે સમાજ દ્વારા અસ્વીકૃત મનોદિવ્યાંગ બાળકોને છેલ્લા ૪૫ વર્ષથી સ્વનિર્ભર કરી સમાજમાં પુનઃસ્થાપિત કરવાનો અવિરત પ્રયાસ કરે છે. આ યાત્રા હજુ પણ વણથંભી ચાલી જ રહી છે અને સમાજના અનેક વ્હાલાસોયા પણ શીખવાની ઓછી ક્ષમતાવાળા બાળકોને કુટુંબમા - સમાજમા પુનઃસ્થાપિત કરવાનો સતત પ્રયત્ન કરી રહી છે. આ યાત્રા ફકત અંકુર ની જ નથી, આ યાત્રાના સહપ્રવાસીઓ છે સેવાભાવને વરેલા ટ્રસ્ટીશ્રીઓ, શાળાના સંનિષ્ઠ શિક્ષકો તથા સંસ્થાના આધાર સ્તંભ સમાન દાતાઓ અને જેમના માટે આપણે આ બધુ કરી રહ્યા છીએ તેવા આપણા મનોદિવ્યાંગ બાળકો... આ યાત્રામાં મંઝીલ નથી પણ માઈલસ્ટોન જરૂર છે. અંકુર અત્યાર સુધીમા ઘણા માઈલસ્ટોન વટાવી ચુકેલ છે અને આગળ પણ આ યાત્રા અવિરત ચાલતી રહેશે... આપ સહુના સહયોગથી...

♦ શાળામાં ધોરણ મુજબના સામાન્ય તથા મંદબુદ્ધિ બાળકોના વિશિષ્ટ પાઠયક્રમને સંમિલિત કરીને મંદબુદ્ધિ બાળકોના I.Q. લેવલ તથા શારીરિક ઉંમરને ધ્યાનમાં રાખી ધોરણ મુજબ વર્ગીકૃત કરી વિશિષ્ટ તાલીમ આપવામાં આવે છે.

♦ માનદ્ મંત્રી શ્રી ડી. જે. ધંધુકિયાના માર્ગદર્શન હેઠળ શાળામાં અર્લી ઈન્ટરવેન્શન પ્રોજેકટના ભાગરૂપે



section and they are given training and therapy. This initiative has earned good results like early intervention.

- At present, 32% mild, 61% moderate and 7% sever children are taking training.
- At the end of the year, children are examined and evaluated. Those children who secure more than 80% success are promoted to the next class group. During education year 2024-25, result of educable group of the school is 73%.
- Alongwith mentally disabled children, other children of different disability are also taking training. Such children, alongwith education, needs special therapies also. Ankur has made special arrangement by providing modern equipments for speech therapy, physio therapy, occupational therapy,music therapy etc session wise by special therapist
- As a result of vision of Hon. Secretary Dr. D. J. Dhandhukiya with a view to enable our children to make equal or competitive with other normal children in the present era, school provides maximum modern technology like computers, tablets, smart phones, smart boards, and E-learning.
- With a good intension of making school education rich and useful, during whole year staff meetings are conducted at regular intervals. During the whole academic year almost 38 hours were spent in the discussion on various aspects. Hon. Secretary (edu) Shri D.J.Dhandhukiya, Principal Shri Meghjibhai Saybani and all staff participate in the meetings actively. As per requirements, experts are also invited and included in the discussion.

બાલવાટીકા વિભાગ પણ શરૂ કરવામાં આવ્યો છે જેમાં ૨.૫ થી ૬ વર્ષ સુધીના મંદબુદ્ધિ બાળકોને તાલીમ તથા થેરાપી આપવામાં આવે છે.

♦ હાલ શાળામાં ૩૨% માઈલ્ડ, ૬૧% મોડરેટ તથા ૦૭% સીવીયર બાળકો તાલીમ લઈ રહ્યા છે.

♦ સમગ્ર વર્ષની તાલીમના અંતે બાળકોનું વાર્ષિક મૂલ્યાંકન કરવામાં આવે છે આ મૂલ્યાંકનમાં જે બાળકોએ ૮૦% સફળતા પ્રાપ્ત કરી હોય છે તેમને આગળના ધોરણમાં મુકવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ દરમ્યાન શાળાનાં એજ્યુકેબલ ગ્રુપનું રીઝલ્ટ ૭૩% આવેલ છે.

♦ શાળામાં મંદબુદ્ધિ સાથે અન્ય વિકલાંગતા ધરાવતા બાળકો પણ તાલીમ લઈ રહ્યા છે. આવા બાળકોને વિશિષ્ટ શિક્ષણની સાથે-સાથે થેરાપીની પણ સવિશેષ જરૂર પડતી હોય છે તેમના માટે શાળામાં જ આધુનિક સાધનો તથા નિષ્ણાંત થેરાપિસ્ટો દ્વારા સ્પીચ થેરાપી, ફિઝીયોથેરાપી, ઓક્યુપેશનલ થેરાપી તથા મ્યુઝિક થેરાપી વિગેરેની સેશન વાઈઝ થેરાપી આપવામાં આવે છે.

♦ માનદ્ મંત્રી શ્રી ડી. જે. ધંધુકિયાની દીર્ઘ દ્રષ્ટિના ફળ સ્વરૂપે વર્તમાન પ્રવાહ સાથે મંદબુદ્ધિ બાળક પણ કદમ મિલાવી શકે તેવા ઉમદા આશયને ધ્યાનમાં રાખી શાળામાં તાલીમ મેળવતા મંદબુદ્ધિ બાળકોને અત્યાધુનિક ટેકનોલોજી જેમ કે કોમ્પ્યુટર, ટેબલેટ, સ્માર્ટ ફોન, સ્માર્ટ બોર્ડ તેમજ ઈ-લર્નિંગનો મહત્તમ ઉપયોગ કરી તાલીમ આપવામાં આવે છે.

♦ શાળા શિક્ષણને સમૃધ્ધ બનાવવા માટે સમગ્ર શૈક્ષણિક વર્ષ દરમ્યાન સમયાંતરે સ્ટાફ મિટિંગનું આયોજન કરવામા આવે છે જેમાં અંદાજીત ૩૮ કલાક વિચાર વિમર્શ કરવામાં આવેલ. આ મીટીંગમાં માનદ્ મંત્રી શ્રી ડી. જે. ધંધુકિયા, આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણી તેમજ સમગ્ર સ્ટાફ સક્રીય રીતે જોડાય છે અને જરૂરીયાત પ્રમાણે એક્સ્પર્ટને પણ સાથે જોડવામાં આવે છે.







- **Workshop :** on 14th September 2024, a special workshop was organized in the school. 20 normal teachers of Natraj Hightech school and 7 special teachers of our school participated in the workshop. Natraj Hightech school is a inclusive school where 25 mentally weak students are getting education with normal students. These ID students have many limitations. The purpose of workshop was to understand how these ID students get education with normal students.

  Under the able guidance of shri D J Dhandhukiya, shri Meghjikhan (Principal Ankur) and Shri Hitenbhai (principal Natraj Hightech school) teachers of Natraj Hightech school submitted problems of ID students one by one and special teachers of Ankur given primary solution for each students. Many discussions were carried out and exchange of knowledge benefited all participants.

- **Seminar :** On 18/09/2024 a seminar on the subject of mental illness and intellectual weakness was organized. Speaker shri Nimehbhai Desai (director IHBS New Delhi )provided guidance on problem of behavior of mentally disabled children through case study. In this online seminar, our president shri Vinodbhai Hakani, Hon.Sec. shri D J Dhandhukiya and all staff members participated. Program was conducted by Reshmaben Shah and coordinated by Principal shri Meghjibhai saybani.

- **Orientation - Parents Training- let us know our children :**

  As usal a training session was organized for the parents of newly admitted children during the academic year 2024-25. The training was based on

♦ **વર્કશોપ**

તા.૧૪-૦૯-૨૦૨૪ને શનિવારનાં રોજ શાળામાં એક વિશિષ્ટ વર્કશોપ યોજાયો હતો. આ વર્કશોપમાં હાઈટેક સ્કુલ નટરાજના ૨૦ જેટલા સામાન્ય શિક્ષકો અને શાળાના ૭ વિશિષ્ટ શિક્ષકોએ ભાગ લીધો. હાઈટેક એક ઈન્કલુઝીવ શાળા છે જેમાં ૨૫ જેટલા બૌદ્ધિક અક્ષમતા ધરાવતાં વિદ્યાર્થીઓ સામાન્ય વિદ્યાર્થીઓ સાથે શિક્ષણ લે છે. સ્વાભાવિક છે આ ID વિદ્યાર્થીઓની ઘણીબધી મર્યાદાઓ હોય આ વિદ્યાર્થીઓ કઈ રીતે સામાન્ય વિદ્યાર્થીઓ સાથે રહીને શિક્ષણ મેળવી શકે એ સમજવા આ વર્કશોપ યોજાયો.

માનદ્ મંત્રીશ્રી ડી. જે. ધંધુકિયાના નેજા હેઠળ અને આચાર્ય શ્રી મેઘજીખાન અને શ્રી હીતેનભાઈ (આચાર્ય હાઈટેક ઈન્કલુઝીવ સ્કુલ નટરાજ) ના રાહબરી હેઠળ હાઈટેક શાળાના શિક્ષકો એક પછી એક વિદ્યાર્થી દિઠ સમસ્યાઓ રજુ કરતાં ગયા અને અંકુર શાળાના વિશિષ્ટ શિક્ષકો દ્વારા પ્રાથમિક ઉકેલ અપાયો. ઘણી ચર્ચાઓ થઈ અને અરસપરસ જ્ઞાન અને માહિતીની સુંદર આપ લે થઈ.

♦ **સેમિનાર**

શાળા દ્વારા તા.૧૮/૦૯/૨૦૨૪નાં રોજ માનસિક રોગ અને બૌદ્ધિક અક્ષમતા વિષય પર એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વકતા ડો. શ્રી નિમેશભાઈ દેસાઈ (ડાયરેકટર, IHBAS ન્યુ દિલ્હી) એ મંદબુદ્ધિ બાળકોની વર્તન સમસ્યા અને તેનુ મેનેજમેન્ટ તથા કેસ સ્ટડી પર સુંદર માર્ગદર્શન આપ્યુ હતુ આ Online સેમિનારમાં સંસ્થાના પ્રમુખશ્રી વિનુભાઈ હકાણી, માનદ્ મંત્રીશ્રી ડી. જે. ધંધુકિયા તેમજ સમગ્ર સ્ટાફ જોડાયેલ.

♦ **ઓરિયેન્ટેશન, પેરેન્ટસ ટ્રેઈનિંગ - ‘‘ચાલો આપણા બાળકોને ઓળખીએ’’**

શાળામાં પ્રતિ વર્ષની માફક આ વર્ષે પણ શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માં નવા પ્રવેશ મેળવેલ બાળકોના વાલીઓ માટે એક પેરેન્ટસ ટ્રેઈનિંગનું આયોજન કરવામાં આવ્યું

the theme “Let us know our Children” training was conducted from 13-09-2024 to 18-09-2024 by the teachers of our school. Parents were given very useful information about mental Retardation, behavior of child and various important aspect for the complete development of such children, various therapies, various benefits awrded by Governments etc were explaniend in detail. All these information are very vital for the development of such children. Shri Bhagirathsinh Chudasama ( Bhavnagar District social defense officer) specially remained present in the program.  The whole training session was organized and conducted by our teacher Parulben Pathak and Principal shri Meghjibhai saybani.

- **Knowledge enhancement training :** As a part of celebration of international Disability day, one training session for enhancement of knowledge was organized at Natraj Campus. Many parents of mentally disabled, Autisam, cerebral palsy joined the program. Our Principal shri Meghjikhan Saybani explained role of parents in the development of such children in a lucid manner but exposing very interesting useful and serious information. 26 parents from our school attended the Program.
- **Grooming Camp :** In the training of mentally disabled children their daily routine activities (ADL) is very important. Keeping this in mind a grooming camp was organized in the school on 09-12-2024. 26 girl students were given basic training for hair set, hair cutting and beauty parlor. This cmp was organized with the active cooperation of S/Shri Bhavikaben Bhatt, Urvashiben Panchal, Bindiben Kuvad, Kiranben Chudasama.




**હતું. તા.૧૩-૦૯-૨૦૨૪ થી ૧૮-૦૯-૨૦૨૪ દરમ્યાન ‘‘ચાલો આપણા બાળકોને ઓળખીએ’’ શિર્ષક હેઠળ પેરેન્ટ્ ટ્રેઈનિંગ યોજાયેલ જેમાં મંદબુદ્ધિ તેમજ તેને લગતા વિવિધ પાસાઓ, વિવિધ થેરાપીઓ તથા મંદબુદ્ધિ બાળકોને સરકારશ્રી દ્વારા મળતા વિવિધ લાભો વિશે શાળાના શિક્ષકો દ્વારા પેરેન્ટસને જ્ઞાનસભર અતિ ઉપયોગી માહિતી પુરી પાડવામાં આવી હતી જે મંદબુદ્ધિ બાળકના વિકાસમાં અતિ મહત્ત્વનો ભાગ ભજવે છે.**

**આ પેરેન્ટસ ટ્રેઈનિંગનાં ઉદ્ઘાટન સમારોહમાં જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી શ્રી ભગીરથસિંહ ચુડાસમા, માનદ્ મંત્રી શ્રી ડી. જે. ધંધુકિયાની વિશેષ ઉપસ્થિતિ રહેલ. આ સમગ્ર પેરેન્ટસ ટ્રેઈનિંગનું સંચાલન શિક્ષકશ્રી પારૂલબેન પાઠક તથા સંકલન આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી દ્વારા કરવામાં આવ્યુ હતું.**

### ♦ જ્ઞાન વર્ધન તાલીમ

**આંતરરાષ્ટ્રીય વિકલાંગ દિવસની ઉજવણીનાં ભાગરૂપે નટરાજ કેમ્પસ ખાતે એક જ્ઞાન વર્ધન તાલીમનું આયોજન કરવામાં આવ્યુ હતું જેમાં મંદબુધ્ધિ, ઓટીઝમ, સેરેબ્રલપાલ્સી બાળકોના વાલીઓ બહોળી સંખ્યામાં જોડાયા હતા જેમાં શાળાના આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણીએ બાળકોના વિકાસમાં વાલીની ભુમિકા વિશે રસપ્રદ શૈલીમાં ગહન માહિતી આપી હતી. શાળાનાં ૨૬ વાલીઓ આ તાલીમ કાર્યક્રમમાં જોડાયા હતા.**

### ♦ ગ્રુમીંગ કેમ્પ

**મંદબુધ્ધિ બાળકોની તાલીમમાં દૈનિક પ્રવૃત્તિઓ (ADL) નું વિશેષ મહત્ત્વ રહેલુ છે એ બાળકને ધ્યાનમાં રાખી તા૦૯-૧૨-૨૦૨૪નાં રોજ શાળામાં એક ગ્રુમીંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળામાં તાલીમ મેળવતી ૨૬ દિકરીઓને હેર સેટ, હેર કટીંગ તથા બ્યુટી પાર્લર અંગેની બેઝીક તાલીમ આપવામાં આવેલ આ કાર્યક્રમમાં શ્રી ભાવિકાબેન ભટ્ટ, શ્રી ઉર્વશીબેન પંચાલ, શ્રી બિંદિબેન કુવાડ, શ્રી કિરણબેન ચુડાસમાંનો સારો એવો સહયોગ સાંપડેલ.**





- **Speech assessment camp :** for the students of KG and observation Group of the school, a speech assessment camp was organized. Dr. Ambar Gupta (speech Therapist Natraj C.P. School) made assessment and provided necessary guidance to the parents.
- **Impressive performance by our chidren in quiz competition :** Bangluru based NGO seva in Action quizable institute organized a quiz competition for Mentaly disabled, Autisam and cerebral Palsy children of Gujarat on 27/09/2024. Total 127 such children from 14 districts of Gujarat state participated in the quiz. 11 students of our school participated in the quiz. Roy Krish and Vaghel Navdip of our school completed the quiz and declared winner at district level and were selected for zonal level. On 25th and 26th October 2024 zonal level quiz was organized at Gandhinagar where both these students performed very well nd were selected for final and also participated in final. Our teacher shri Jaypalsinh Gohil was coach of these students for the preparation and participation in the quiz under the guidance of and coordination by shri Meghjibhai Saybani and trustee of special Olympic shri Tusharbhai Joglekar.
- **Natonal assessment Survey (N.A.S.-2024) :** On 04/12/2024 as a part of National assessment, Education department of Government of Gujarat conducted an examination of our students of standard 3rd and 6th . 17 students appeared successfully in the exam. In connection with this exam, DEO shri Munjalbhai Badmaliya, BRC shri Kalpeshbhai Pandya, CRC Shri Chetnaben Pandya visited our school. Government set up teachers



♦ **સ્પીચ એસેસમેન્ટ કેમ્પ**

શાળામાં તાલીમ મેળવતા બાલવાટીકા તથા ઓબ્ઝેર્વેશન ગ્રુપના બાળકો માટે એક સ્પીચ એસેસમેન્ટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ડો. અંબર ગુપ્તા (સ્પીચ થેરાપીસ્ટ નટરાજ સી.પી.સ્કુલ) એ બાળકોનું એસેસમેન્ટ કરી શિક્ષક તથા વાલીઓને જરૂરી માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતું.

♦ **ક્વિઝ સ્પર્ધામાં શાળાના બાળકોનો પ્રભાવ -શાળી દેખાવ**

તા.૨૭-૦૯-૨૦૨૪નાં રોજ બેંગ્લોર સ્થિત સેવા ઇન એકશન કવિઝેબલ સંસ્થા દ્વારા મંદબુધ્ધિ-ઓટીઝમ-સેરેબ્રલપાલ્સી બાળકો માટે કવિઝ સ્પર્ધાનું આયોજન કરેલ જેમાં ગુજરાતના ૧૪ જિલ્લામાંથી ૧૨૭ બાળકોએ ભાગ લીધો હતો જેમા શાળામાંથી ૧૧ બાળકો આ સ્પર્ધામાં જોડાયા હતા અને તેમાંથી બે બાળકો અનુક્રમે રોય ક્રિશ તથા વાઘેલા નવદીપએ કવિઝ સ્પર્ધા સફળતા પૂર્વક પૂર્ણ કરી જિલ્લા કક્ષાએ વિજેતા બની ઝોનલ કક્ષાની કવિઝ સ્પર્ધા માટે પસંદગી પામ્યા હતા.

આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી, સ્પેશ્યલ ઓલિમ્પિકના ટ્રસ્ટી શ્રી તુષારભાઈ જોગલેકરના સંકલન હેઠળ શિક્ષકશ્રી જયપાલસિંહ ગોહિલે આ બાળકોને સ્પર્ધા માટે તૈયારી કરાવેલ હતી.

તા. ૨૫ - ૨૬ ઓકટોબર - ૨૦૨૪ દરમિયાન ગાંધીનગર ખાતે વેસ્ટ ઝોન કક્ષાની કવિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના ઉપરોકત બંન્ને બાળકોએ પ્રભાવશાળી દેખાવ કરી ફાઈનલમાં પાર્ટિસિપેટ થયા હતા. તેમને અભિનંદન...

♦ **નેશનલ એસેસમેન્ટ સર્વે** (N.A.S. - 2024)

તા.૦૪-૧૨-૨૦૨૪નાં રોજ ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા નેશનલ એસેસમેન્ટ સર્વેનાં ભાગરૂપે શાળામાં તાલીમ મેળવતા ધોરણ ૩ અને ૬ ના કુલ ૧૭ બાળકોએ સફળતાપૂર્વક આ પરીક્ષા આપેલ. આ પરીક્ષા સંદર્ભે શાસનાધિકારી શ્રી મુંજાલભાઈ બડમલીયા,



submitted the questionary for information provided by officials.

- **Seminar :** 8th December is celebrated as MANO DIVYANG day all over world. A seminar on occupational therapy was organsed in the school. Seminar was started with beautiful prayer. Our president shri Vinodbahi Hakani welcomed guests with the bouquet. Our teacher Reshmaben Shah informed all about the seminar. Well known occupational therapist of Ahmedabad Dr. Brijesh Misra explained teachers how OT can be implemented in the class while giving training to ID and Autism Students. Parents of such students were given information by occupational therapist Dr. Hirava Misra how they can give OT in home to such child. The whole presentation was with the aid of PPT in a very interesting and lucid manner describing all the small details on the subject. This will be very useful for the complete development of ID and AUTISM children. All teachers of the school and many parents participated in the seminar.

- **Celebration of world down syndrome day :** 21st March is celebrated every year as world down syndrome day. The day is celebrated for the awareness of down syndrome child/ person. Theme of this year's celebration was "IMPROVE OUR SUPPORT SYSTEM" this day was celebrated specially in our school too. On this day a competition of drawing and dance was organized for such children of our school. Students participated in the competition very enthusiastically. All students very joyful by participating in the competition. All students were given prizes for motivation. For drawing competition, our drawing teacher Shri



**બી.આર.સી. શ્રી કલ્પેશભાઈ પંડયા, સી.આર.સી. શ્રી ચેતનાબેન પંડયાએ શાળાની મુલાકાત લીધેલ તેમજ શાળાના ગવર્મેન્ટ સેટઅપના શિક્ષકોએ પ્રશ્નોત્તરી અને માહિતી ભરી સુપરત કરેલ.**

- **સેમિનાર**

**૮ ડિસેમ્બર ઈન્ટેલેકચ્યુઅલ ડિસેબિલીટી ડે નિમિત્તે શાળામાં ઓકયુપેશન થેરાપી અંગે એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારનો પ્રારંભ સુંદર પ્રાર્થના દ્વારા કરવામાં આવ્યો હતો સંસ્થાના પ્રમુખ શ્રી વિનુભાઈ હકાણીએ આવેલ મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરેલ. શાળાના શિક્ષક શ્રી રેશ્માબેન શાહે સેમિનાર અંગે માહિતી આપેલ. ત્યારબાદ અમદાવાદના ખ્યાતનામ ઓકયુપેશનલ થેરાપીસ્ટ ડો. શ્રી બ્રિજેશ મિશ્રા સાહેબ દ્વારા શિક્ષકોને** ID **તથા** Autism **બાળકોને તાલીમ આપતા સમયે વર્ગરૂમમાં** OT **કેવી રીતે લાગુ કરી શકાય તેમજ વાલીઓને ઓકયુપેશનલ થેરાપીસ્ટ ડો. શ્રી હિરવા મિશ્રા દ્વારા ઘરમાં બાકળોને** OT **કઈ રીતે આપી શકાય તે અંગે અતિ વિસ્તૃત અને ઝીણવટપૂર્વક, રસપ્રદશૈલીમાં** P.P.T. **નાં માઘ્યમથી ખુબજ જ્ઞાનસભર માહિતી પુરી પાડવામાં આવી હતી જે** ID **તથા** Autism **બાળકોના સર્વાંગી વિકાસ માટે ખુબજ ઉપયોગી નિવડશે. આ સેમીનારમાં શાળાના સર્વે શિક્ષકો તથા વાલીઓ બહોળી સંખ્યામાં જોડાયેલ.**

- **વિશ્વ ડાઉનસિન્ડ્રોમ દિવસની ઉજવણી**

**૨૧ માર્ચ એટલે વિશ્વ ડાઉનસિન્ડ્રોમ દિવસ. આ દિવસ સમગ્ર વિશ્વમાં ડાઉન સિન્ડ્રોમ બાળકો-વ્યકિતઓની અવેરનેસ માટે ઉજવવામાં આવે છે. આ વર્ષની થીમ હતી.** Improve our Support System. **શાળામાં પણ આ દિવસની વિશિષ્ટ રીતે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના તાલીમ મેળવતા ડાઉન સિન્ડ્રોમ બાળકો માટે ડ્રોઈંગ તથા ડાન્સ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં બાળકોએ ઉત્સાભેર ભાગ લઇ ખુબ જ આનંદ કર્યો હતો તથા દરેક બાળકોને શાળા તરફથી**



Pujaben Rathod and for Dance competition Shri Reshmaben Shah, Shri Krishnaben Rupera and Komalben Rupera performed very well.

- **Autism awareness day. :**
- 2nd April is celebrated as autism awareness day all over the world. On 2/4/2025 a program for parents awareness was organized. Theme of this year was " Advancing Neurodiversity and the UN Sustainable Development Goals" Hon. Secretary Dr. D.J.Dhandhukiya motivated parents to do every thing whatever they can do for their children without losing the hope. Principal Shri Meghjikhan Saybani explained role of Therapy in the development of Autism children. Parents of 2 children of Bhavnagar who achieved remarkable achievement also shared their success story. These 2 children are 1) shri Manavendrasinh who has meddle in international sports. 2) shri Riday who is studying very well with normal children in National School. A video film of 2 renowned persons with autism at national level shri Kartik ( Indian Idol fame ) who is very good Singer and Pranav Baxi who is very known name in the field of Modelling was shown to all participants.
- **Autism awareness program :** As a part of the world Autism day celebration autism awareness program was organized at Models School Sidsar. 200 students of std. 9th to 11th were explained about what is Autism? Reasons for the birth of child with Autism, symptoms of Autism, system for education of these children in detail by our principal Meghjibhai Saybani and Teacher Hardipbhai Kamaliya.



**પ્રોત્સાહિત ઈનામ આપવામાં આવ્યા હતા. ડ્રોઈંગ કોમ્પીટીશન માટે ચિત્ર શિક્ષક શ્રી પુજાબેન રાઠોડ તથા ડાન્સ કોમ્પીટીશન માટે શિક્ષક શ્રી રેશ્માબેન શાહ, શ્રી ક્રિષ્નાબેન રૂપેરા, શ્રી કોમલબેન રૂપેરાએ સરાહનિય કામગીરી નિભાવેલ.**

♦ **ઓટીઝમ અવેરનેસ - ડે**

**શાળામાં તા.૦૨-૦૪-૨૦૨૫નાં રોજ વર્લ્ડ ઓટીઝમ અવેરનેસ ડે નિમિત્તે એક પેરેન્ટસ અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ વર્ષની થીમ હતી** Advancing Neurodiversity and the UN Sustainable Development Goals **જેમાં માનદ્ મંત્રી શ્રી ડી. જે. ધંધુકિયાએ ઓટીઝમ બાળકોના વાલીઓને નિરાશા ખંખેરીને આ બાળકો માટે બધુ જ કરી છુટવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. શાળાના આચાર્ય શ્રી મેઘજીખાન દ્વારા ઓટીઝમ બાળકોના વિકાસમાં થેરાપીના મહત્ત્વ અંગે રસપ્રદ શૈલીમા રજુઆત કરવામાં આવી હતી તેમજ ભાવનગરના બે ઓટીઝમ ધરાવતા બાળકો કે જેમાંથી માનવેન્દ્રસિંહ સ્પોર્ટસ માં ઈન્ટરનેશનલ લેવલે મેડલ ધરાવે છે તથા રીદય બાળક કે જે નોર્મલ બાળકો સાથે નેશનલ સ્કુલમાં ખુબ સારી રીતે અભ્યાસ કરે છે તેમના વાલીઓએ પોતાના બાળકોથી સફળતા અંગે વાત કરી હતી. તેમજ ભારતના બે સફળ ઓટીઝમ વ્યકિતઓ કાર્તિક (ઈન્ડીયન આઈડલ) જે ખુબ જ સારા સીંગર છે તથા પ્રણવ બક્ષી કે જે મોડલીંગ ક્ષેત્રે નામના ધરાવે છે તે બંન્ને ના વિડીયો બતાવવામાં આવ્યા હતા.**

♦ **ઓટીઝમ અવેરનેસ - કાર્યક્રમ**

**વર્લ્ડ ઓટીઝમ અવેરનેસ - ડે અંતર્ગત મોડેલ્સ સ્કુલ સિદસર ખાતે ધોરણ ૯ થી ૧૧ વિદ્યાર્થીઓને શાળાના આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણી તથા શિક્ષક શ્રી હરદિપભાઈ કામળીયા દ્વારા ઓટીઝમ એટલે શું ? ઓટીઝમ બાળક જન્મવા પાછળના કારણો, લક્ષણો તેમજ તેમની શિક્ષણ પધ્ધતિ વિગેરે વિશે ઝીણવટપૂર્વક વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી આ કાર્યક્રમમાં શાળાના ૨૦૦ વિદ્યાર્થીઓ તથા સ્ટાફ પરિવાર જોડાયેલ.**

# 2. Meetings



For the smooth administration and coordination meetings of president, Hon.secretary, Hon.treasurer, trustees, principal of the school and office suprentendent are organized on evry 2nd and 4th Saturday of the month.

- **Kinder Garden :** on 02/09/2024 a meeting of parents of students of K.G. was organized. Hon.secretary shri D.J.Dhandhukiya and Principal Shri Meghjikhan Saybani discussed and informed parents about training and rehabilitation of students of K.G. section .

- **Annual General Meeting (AGM)**

Annual General Meeting was organized online as virtual meeting on 06/10/2024. Hon.Sec (education) shri D.J.Dhandhukiya presented about the educational activities of the school Hon Sec. Shri Alpeshbhai Sheth briefed about various activities arranged during the year and other matters related to administration with the power point presentation (PPT). Hon. Treasurer Shri Devalbhai presented the Accounts of the year and Budget for the upcoming year. President shri Vinodbhai Hakani briefed the metting on the general matters of the school. All the trustees and members present in the meeting ( online or off line ) admire the working and Presentation of annual Report and working of the institute and for that congratulations were conveyed to Team Ankur.

# ૨. મીટિંગ્સ

સંસ્થાના સુચારુ વહિવટ, સંકલન અને નિર્દેશ માટે માસના બીજા અને ચોથા શનિવારે સંસ્થાના પ્રમુખ, માનદ્ મંત્રી, માનદ્ ટ્રેઝરર, ટ્રસ્ટીશ્રીઓ, આચાર્ય તેમજ ઓફિસ સુપ્રિટેન્ડન્ટની મિટિંગ યોજાય છે.

- **બાલવાટીકા**

તા.૦૨-૦૯-૨૦૨૪નાં રોજ શાળામાં ચાલતા બાલવાટીકા વિભાગના વાલીઓની એક મિટિંગનું આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં માનદ્ મંત્રી શ્રી ડી. જે. ધંધુકિયા તેમજ આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણી દ્વારા બાલવાટીકા વિભાગના બાળકોના તાલીમ અને પુનઃવસન અંગેના વિવિધ પાસાઓ અંગે ગહન ચર્ચા કરવામાં આવી હતી.

- **વાર્ષિક સાધારણ સભા / AGM**

તા. ૦૬/૧૦/૨૦૨૪નાં રોજ વર્ષ ૨૦૨૩-૨૪ની બોર્ડ ઓફ ટ્રસ્ટીની વાર્ષિક સાધારણ સભાનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં ઓનલાઈન/વર્ચ્યુઅલ મિટિંગની વ્યવસ્થા રાખેલ હતી.

જેમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓ અંગેનો અહેવાલ માનદ્ મંત્રી શ્રી ડી. જે. ધંધુકિયા દ્વારા આપવામાં આવેલ માનદ્ મંત્રી શ્રી અલ્પેશભાઈ કે. શેઠે સમગ્ર વર્ષ દરમિયાન થયેલ વિવિધ પ્રવૃત્તિઓ તથા વહીવટી બાબતોની માહિતી પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન સાથે આપેલ. બજેટ તથા ઓડિટેડ હિસાબો માનદ્ ટ્રેઝરરશ્રી દેવલભાઈ જે. શાહે રજુ કર્યા હતા. પ્રમુખશ્રી વિનોદ એન. હકાણીએ શાળા વિશે જનરલ માહિતી આપી હતી. ઓનલાઈન/ઓફલાઈન મિટિંગમાં હાજર ટ્રસ્ટીશ્રીઓ તથા સભ્યશ્રીઓ દ્વારા એન્યુઅલ રિપોર્ટ તથા સંસ્થાની કામગીરીને બિરદાવવામાં આવેલ અને અંકુરની સમગ્ર ટીમને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

- **Half Yearly Parents Meeting :** on 24/10/2024 half yearly meeting of parents was organized in the school. Standard wise Group meeting was carried out and parents were informed about the progress of their children.

- **Yearly Parents Meeting:**

On 25-04-2025 annual parents meeting was conducted. Meeting was starts with melodious prayer by one of our student shri Janki Mehta. Teacher Shri Parulben Pathak offered formal welcome by words and introduced speakers of the meeting. Hon. Sec. (admin.) Shri Alpeshbhai sheth briefed about various activities undertaken in the school. Hon. Secretary Shri D.J.Dhandhukiya briefed about educational vision in detail. Chief guest Shri Dr. Ashokbhai Vala ( psychratist Sir T. Hospital Bhavnagar) delivered a useful lecture on mental Disability, I.Q. Test and role of parent in the development of child in a lucid manner which was accepted and appreciated by all. Our Principal Shri Meghjikhan Saybani informed the parents about various activities carried out by the school and achievements of the school in the field of sports and cultural activities during the year. On this Occasion trustee of special Olympic shri Tusharbhai Joglekar was honored for his services in the field of sports. Auto Riksha drivers were also given cash awards for their devotation and dedication for their extremely difficult job. At the end parents also conveyed their feeling of satisfaction for the education provided in the school, training, therapies, utilities available in the school, and dedication of the teachers in their feedback. Total 182 parents were present in the meeting.

♦ **અર્ધ વાર્ષિક વાલી મિટિંગ**

તા.૨૪.૧૦.૨૦૨૪નાં રોજ શાળામાં અર્ધ વાર્ષિક વાલી મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ વાઈઝ ગ્રુપ મિટિંગ કરી વાલીઓને બાળકોની તાલીમ/પ્રગતિ અંગે અવગત કરવામાં આવ્યા હતા.

♦ **વાર્ષિક વાલી મિટિંગ**

શાળામાં તા.૨૫.૦૪.૨૦૨૫નાં રોજ વાર્ષિક વાલી મિટિંગનું આયોજન કરવામાં આવ્યુ હતુ શાળાની વિદ્યાર્થીની જાનકી મહેતાની સુંદર પ્રાર્થના દ્વારા કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. શિક્ષક શ્રી પારૂલબેન પાઠકે શાબ્દિક સ્વાગત તથા વકતાઓનો પરિચય આપ્યો હતો. ત્યારબાદ શાળાના માનદ્ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠે શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ દરમ્યાન શાળા દ્વારા કરવામાં આવેલી વિવિધ પ્રવૃત્તિઓ અંગે વાલીઓને અવગત કર્યા હતા તેમજ માનદ્ મંત્રી શ્રી ડી. જે. ધંધુકિયા દ્વારા બાળકોના વિકાસ સંદર્ભે શૈક્ષણિક દ્રષ્ટિકોણ અંગે વિસ્તૃત છણાવટ કરવામાં આવી હતી તથા મુખ્ય મહેમાન ડો. અશોકભાઈ વાળા (મનોચિકિત્સક સર.ટી. હોસ્પિટલ) એ મનોદિવ્યાંગતા, I.Q. ટેસ્ટ અને બાળકોના વિકાસમાં વાલીઓની સક્રિય ભુમિકા અંગે રસપ્રદ શૈલીમાં સુંદર વકતવ્ય આપ્યુ હતું. આચાર્ય શ્રી મેઘજીખાન સાચબાણીએ વર્ષ દરમ્યાન રમત-ગમત તથા સાંસ્કૃતિક ક્ષેત્રે મેળવેલ સિદ્દિઓ અંગે વાત કરી હતી તેમજ આ પ્રસંગે સ્પેશ્યલ ઓલિમ્પિકસના ટ્રસ્ટી શ્રી તુષારભાઈ જોગલેકરનું રમત-ગમત ક્ષેત્રે તેમની સેવાને બિરદાવી સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ સમગ્ર વર્ષ દરમ્યાન બાળકોને શાળાએ લાવવા તથા લઈ જવાની કામગીરી ખુબ જ સારી રીતે નિભાવતા રિક્ષા ચાલક ભાઈઓને રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા અંતમાં વાલીઓએ શાળામાં અપાતા શિક્ષણ, તાલીમ થેરાપીઓ, સગવડ, વેલ્ફેર પ્રવૃત્તિઓ, શિક્ષકોનુ ડેડિકેશન વગેરે બાબતે પ્રતિક્રિયા આપી બાળકોના વિકાસ અંગે સંતોષ વ્યકત કર્યો હતો. આ વાલી મિટિંગમાં કુલ ૧૮૨ વાલીઓ હાજર રહેલ.





## (3) Incidents, Celebrations, Achievements, Awards, Games, Cultural activity and others :

- **Health protection- vaccination camp**

  For the students of our school aged 10 years and 16 years a vaccination camp was organized with the help of Bharatnagar Urban Health center for the vaccination of Titenus and Diptheriya (TD).

- **Movement for addiction free life :** Under the addiction free movement of Government, which is sponsored and managed by Government, District social defense office organized a program and a rally for the awareness of addiction free.

- **Health checkup program in the school :** On 25/03/2025 a health check up camp was organized in the school by Bhavnagar Municipal Corporation. Dr. Manali Patel ( Pidiatrician ), Dr. Puja Sapadiya (psychiatrist sir T Hospital Bhavnagar ), Medical Officer Pratik Gabani ( Urban Health Center Bharatnagar) carried out health check up of total 200 children. 12 children identified with serious ailment were issued reference cards. To make the camp successful, Teacher Parasbhai Parmar and team worked hard under the able Guidance of our Principal shri Meghjibhai Saybani.

## ૩. સિદ્ધિઓ, પ્રસંગો, એવોર્ડ, રમત-ગમત, કલ્ચરલ એક્ટિવિટી તથા અન્ય

♦ **સ્વાસ્થ્ય સુરક્ષા - રસીકરણ કેમ્પ**

શાળામાં તાલીમ મેળવતા ૧૦ વર્ષ અને ૧૬ વર્ષની ઉંમર ધરાવતા બાળકો માટે ભરતનગર અર્બન હેલ્થ સેન્ટર નાં સહયોગથી ટીટેનસ + ડિપ્થેરીયા (T.D.) રસીકરણ કેમ્પ યોજાયેલ જેમા કુલ ૨૩ બાળકોને ટીટેનસ + ડિપ્થેરીયા (T.D.) રસી આપવામાં આવેલ.

♦ **નશા મુક્તિ અભિયાન**

સરકારશ્રી દ્વારા ચલાવવામાં આવતા નશામુક્તિ અભિયાન અંતર્ગત જિલ્લા સમાજ સુરક્ષા કચેરી ભાવનગર દ્વારા શાળામાં નશામુક્તિ જાગૃતિ અંગેનો કાર્યક્રમ અને રેલી યોજવામાં આવી હતી.

♦ **શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ**

ભાવનગર મહાનગરપાલિકા-આરોગ્ય વિભાગ દ્વારા તા.૨૫-૦૩-૨૦૨૫નાં રોજ શાળા ખાતે શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં ડૉ. મનાલી પટેલ (પિડીયાટ્રીક) ડૉ. પુજા સાપડીયા (સાઇક્યાટ્રીક સર. ટી. હોસ્પિટલ) મેડિકલ ઓફિસર પ્રતિક ગાબાણી (અર્બન હેલ્થ સેન્ટર-ભાવનગર) દ્વારા કુલ ૨૦૦ બાળકોનું ચેકઅપ કરવામાં આવ્યું હતું તેમજ ગંભીર બિમારી જણાતા ૧૨ બાળકોને સંદર્ભકાર્ડ ઇશ્યુ કરવામાં આવ્યું હતું.

આ આરોગ્ય તપાસણી કાર્યક્રમને સફળ બનાવવા આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન હેઠળ શિક્ષક શ્રી પારસભાઇ પરમાર તથા તેમની ટીમે સુંદર કામગીરી બજાવી હતી.











- **Dental screening Camp :** With the cooperation of Rotary club Royal of Bhavnagar, a Dental Screening camp was organized in the school on 03/10/2024. Dr. Shakil Chauhan of Rotary Royal and his team examined teeh of our 114 students and provided necessary Guidance. Students were given gift of Tooth Brush, paste and mouth wash.

- **Camp for Railway Concession Certificate and Railway ID card :** With the cooperation of Psychiatric Department of sir T Hospital bhavnagr and in colaberation with Western Railway Bhavnagr Division, a camp to issue Railway Concession Certificate and ID card was organized in the school. H.O.D of psychiatric department Dr. Ashokbhai Vala and his team examined students and Railway concession certificate were issued. Application for Railway ID card was accepted at the school. In this camp 60 students were issued Railway Concession certificate.

- **Your felicitation our Pride :** On 12/08/2024 well known news paper of Rajkot " Voice of Day"; on the occasion of its first anniversary organized a program of honouring and felicitating workers and various institutes serving society at Rajkot. In this program, in the special presence of MLA of Rajkot, Mayor and Standing Comitte Chairman of Rajkot Municipal Corporation and famous comedy artist shri Sairam Dave were present. In the presence of these dignitaries, our Hon. Secretary Shri

♦ **ડેન્ટલ સ્ક્રીનીંગ કેમ્પ**

રોટરી કલબ ઓફ ભાવનગર રોયલનાં સહયોગથી શાળામાં તા.૦૩/૧૦/૨૦૨૪નાં રોજ ડેન્ટલ સ્ક્રીનીંગ કેમ્પ યોજાયેલ જેમાં રોટરી કલબ ઓફ ભાવનગર રોયલના ડેન્ટીસ્ટ ડો. શકીલ ચૌહાણ તથા તેમની ટીમ દ્વારા શાળાના ૧૧૪ બાળકોના દાંતની તપાસ કરવામાં આવેલ તથા જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ તેમજ બાળકોને ટુથપેસ્ટ-બ્રશ-માઉથવોશ ભેટમાં આપેલ.

♦ **રેલ્વે કન્સેશન સર્ટીફિકેટ તથા રેલ્વે ઓળખકાર્ડનો કેમ્પ યોજાયેલ**

શાળામાં માનસિક રોગ વિભાગ સર. ટી. હોસ્પિટલ અને પશ્ચિમ રેલ્વે ભાવનગરના સહયોગથી રેલ્વે કન્સેશન સર્ટિફિકેટ તથા રેલ્વે ઓળખ કાર્ડ અંગેના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં માનસિક રોગ વિભાગના હેડઓફ ધી ડિપાર્ટમેન્ટ ડૉ. શ્રી અશોકભાઇ વાળા સાહેબ તથા તેમની ટીમ દ્વારા બાળકોની તપાસ કરીને રેલ્વે કન્સેશન સર્ટિફિકેટ આપવામાં આવ્યા હતા અને રેલ્વે ઓળખ કાર્ડ માટેની અરજી શાળા તરફથી સ્વીકારવામાં આવી હતી. આ કેમ્પમાં શાળાના ૬૦ વિદ્યાર્થીઓને રેલ્વે કન્સેસન સર્ટિફિકેટ ઇશ્યુ કરવામાં આવ્યા હતા.

♦ **તમારૂં સન્માન અમારે નામ**

તા.૧૨-૦૮-૨૦૨૪નાં રોજ રાજકોટના પ્રખ્યાત દૈનિક વર્તમાન પત્ર ‘‘વોઇસ ઓફ ડે’’ દ્વારા તેની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે વિવિધ સંસ્થાઓ તથા તેમના કાર્યકર્તાઓને અભિવાદિત કરવાનો કાર્યક્રમ રાજકોટ ખાતે યોજાયેલ જેમાં રાજકોટનાં ધારાસભ્યશ્રી, મેયરશ્રી, સ્ટેન્ડિંગ કમીટીના ચેરમેનશ્રી તથા પ્રસિધ્ધ હાસ્ય કલાકાર સાંઇરામ દવે અને રાજકોટની વિવિધ

Alpeshbhai Sheth, Our Principal Shri Meghjikhan Saybani and our teacher shri Nehalben Gadhvi were honoured under the banner of " SEVA NU SANMAN" "honoring the service". We are delighted and feel proud for your honour and falicitation.

- **Best administrator award to shri Alpeshbhai Sheth** : Our active and efficient worker/ Hon.Secretary Shri Alpeshbhai Sheth who is also associated with many social, educational, serving, religious institutes, was honoured by Vallabh Youth Organisation (VYO) on 26/03/2025 at Rajkot for the best administrator of VYO for the year 2023-2024. Award was conferred on him at the Rajkot on the occasion of the 7th anniversary ( PATOTSAV ) of ShriNath Dham Haveli at the hand of Vaishnavacharya Pujya 108 shri VrujrajKumarji Mahodaya in the presence of Chief Minister of Gujarat Shri Bhupendrabhai Patel and other dignitaries. Ankur is proud of this honor of its Hon. Secretary. Many many congratulations to shri Alpeshbhai Sheth.

- **Honor, appointment :** our Hon. Treasurer, well known Industrialist, associated with many social and religious institute, Shri Devalbhai shah was appointed as invitee member in the managing committee of Saurashtra Chambers of commerce and Industries. He was also honored by Kesari Mitra

સંસ્થાઓના અગ્રણીઓની વિશેષ ઉપસ્થિતિમાં શાળાના માનદ્ મંત્રીશ્રી અલ્પશેભાઈ શેઠ, આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણી તથા શિક્ષક શ્રી નેહલબેન ગઢવી તમામને ‘‘સેવાનું સન્માન’’ બેનર હેઠળ સન્માનિત કરવામાં આવ્યા હતા. આપ સૌના સન્માન બદલ સંસ્થા ગૌરવની લાગણી અનુભવે છે. અભિનંદન.

### ♦ શ્રેષ્ઠ પ્રભારીનો એવોર્ડ મેળવતા સંસ્થાના માનદ્ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠે

સંસ્થાના કાર્યક્ષમ માનદ્ મંત્રી શ્રી અને ભાવનગરની અનેક સામાજિક, શૈક્ષણિક ધાર્મિક અને સેવાકિય સંસ્થાઓ સાથે જોડાયેલા શ્રી અલ્પેશભાઈ શેઠને તારીખ ૨૬ માર્ચ ૨૦૨૫ નાં રોજ વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન (VYO) દ્વારા રાજકોટ ખાતે આયોજિત શ્રી નાથધામ હવેલીના સપ્તમ પાટોત્સવની ઉજવણીમાં પૂજ્ય વૈષ્ણવાચાર્ય ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી મહોદયશ્રી તથા મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને અન્ય ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન વર્ષ ૨૦૨૩-૨૪નાં વર્ષનો ભારતના શ્રેષ્ઠ પ્રભારીનો એવોર્ડ પ્રાપ્ત થતા અંકુર સંસ્થા પરિવાર ગૌરવની લાગણી અનુભવે છે. શ્રી અલ્પેશભાઈ શેઠને ખૂબ ખૂબ અભિનંદન...

### ♦ ગૌરવ - નિમણુંક - સન્માન

શાળાનાં માનદ્ ટ્રઝરર - ભાવનગરના અગ્રણી ઉદ્યોગપતિ તથા શહેરની વિવિધ ધાર્મિક તથા સામાજિક સંસ્થા સાથે સંકળાયેલ શ્રી દેવલભાઈ શાહની સૌરાષ્ટ ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝની મેનેજીંગ કમિટીમાં આમંત્રિત સભ્ય તરીકે નિમણુંક થયેલ છે તેમજ કેસરી મિત્ર મંડળ દ્વારા મેમેન્ટો તથા ખેસ પહેરાવી સન્માન કરવામાં આવેલ. આ પ્રસંગે સંસ્થા












Mandal with a memento and offering "KHES" (a cloth with beautiful color and design to be wear on the shoulder ). On this occasion Ankur conveyed many Congratulations and best wishes for future progress to shri Devalbhai Shah.

- **Dinner Party :** Ex.Education Minister of Gujarat State and Ex.President of Gujarat B.J.P. and seating MLA of Bhavnagar (west) hon. Shri Jitubhai Waghani offered a dinner party to the children of our school on the occasion of his birthday.

  • Government staff of the school offered dinner party to all students, teachers, staff, trustees and Auto Riksha Driversof the school.

  • Our ex Teacher shri Vinaben Dave offered dinner pary on 24/01/2025 to all trustees and staff. All trustees and staff remained present and cherished old days sweet memories with Vinaben. Our Managing Trustee shri Bababhai presented the history of Ankur from its inception to the date. He also acknowledged the cooperation and devotion of the then teachers in the initial stage of Ankur. Even after retirement, they have maintained cordial relations with Ankur Family.

- **Achievement in open Gujarat Drawing Competition:** Khodidas Parmar Art Foundation has organized a open Gujarat Drawing competition cum exhibition on 21/09 and 22/09/2024 at Meghani auditorium. Total 300 drawings were displayed from all over Gujarat. Subject of the drawing competition was "KRISHNA"

**પરિવાર દ્વારા શ્રી દેવલભાઈને ખુબ ખુબ અભિનંદન પાઠવી ભવિષ્યમાં ખુબ પ્રગતિ કરે તેવી શુભેચ્છા પાઠવવામાં આવી હતી.**

### ♦ સ્વરૂચિ ભોજન

**તત્કાલીન શિક્ષણ મંત્રી તથા ગુજરાત પ્રદેશ ભા.જ.પા. પ્રમુખ તેમજ હાલના ભાવનગર પશ્ચિમનાં ધારાસભ્ય માનનીય શ્રી જીતુભાઇ વાઘાણી સાહેબના જન્મદિવસ નિમિત્ત તેમનાં તરફથી શાળાના બાળકોને પ્રીતિ ભોજન કરાવવામાં આવ્યું હતું.**

**• શાળાનાં ગર્વેમેન્ટ સ્ટાફ દ્વારા તા.૨૩-૧૦-૨૦૨૪નાં રોજ શાળાના ટ્રસ્ટીશ્રીઓ, બાળકો, સ્ટાફ તથા રીક્ષા ચાલક ભાઈઓને સ્વરૂચિ ભોજન કરાવવામાં આવ્યું હતું.**

**• સંસ્થાના ભુતપૂર્વ શિક્ષિકા શ્રી વિણાબેન દવે તરફથી તા.૨૪-૦૧-૨૦૨૫નાં રોજ ટ્રસ્ટીશ્રીઓ તથા સ્ટાફ માટે એક સ્વરૂચિ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સૌ ટ્રસ્ટીશ્રીઓ તથા શિક્ષકો હાજર રહી વિણાબેન સાથેના સંસ્મરણો વાગોળ્યા હતા. સંસ્થાનાં મેનેજીંગ ટ્રસ્ટી શ્રી બાબાભાઈએ સંસ્થાની શરૂઆતથી આજ સુધીનો ઈતિહાસ રજુ કરેલ. અંકુરના શૈશવ કાળમાં પ્રારંભિક શિક્ષક મિત્રોનું બહુ મોટુ યોગદાન રહ્યુ છે. નિવૃત્તિ પછી પણ તેઓએ અંકુર પરિવાર સાથે માયાળુ સંબંધો જાળવી રાખ્યા છે.**

### ♦ ઓપન ગુજરાત ચિત્ર સ્પર્ધામાં સિદ્ધિ

**ખોડિદાસ પરમાર આર્ટ ફાઉન્ડેશન દ્વારા ઓપન ગુજરાત ચિત્ર સ્પર્ધા સાથે એકઝીબીશન તા. ૨૧/૯, ૨૨/૯ - ૨૦૨૪ નાં રોજ મેઘાણી ઓડિટોરીયમમાં યોજાયેલ. જેમાં સમગ્ર ગુજરાતમાંથી ૩૦૦ જેટલા ચિત્રોની એન્ટ્રી થયેલ. આ સ્પર્ધાનો વિષય હતો 'ક્રિષ્ન'.**

5 students of our school participated in the competition. On the subject Krishna all the 5 students drawn pictures them selves and also colored them. Drawings of all our 5 students were displayed in the exhibition. Out of 5 students, drawing of Dholakiya Harshad and Kalsariya Himanshu were selected for award. Both these students were honored with award and certificate.

Our drawing teacher Pujaben Rathod took every pain to train all students for this drawing competition. For this program coordination was done by Reshmaben Shah and Guidance was provided by Meghjibhai Saybani. A very good cooperation and support was also extended by shri Amulbhai Parmar ( Khodidas Parmar Art Foundation).

- **Cancer awareness program :** On 19/09/2024 a cancer awareness Program was conducted by Ashirvad Foundation Ahmedabad in our school. Program was about awareness of breast and womb cancer. Coordinator of Bhavnagar Center of Ashirvad Foundation Dr. Bhanuben Boricha explained about risk ailments, reasons, precautions and steps to avoid uccrance of these cancers. She also briefed about vaccine for this in a very interesting and lucid manner. In this awareness program all the ladies staff female students of vocational center and Teachers Training College joined.

શાળાના પાંચ વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં સામાન્ય વિદ્યાર્થીઓ સાથે ભાગ લીધો હતો. 'ક્રિષ્ન' વિષય પર પાંચેય વિદ્યાર્થીઓએ સ્વયંમ ચિત્ર દોરી અને રંગો પુરેલ. આ પાંચેય વિદ્યાર્થીઓના ચિત્રો પ્રદર્શનમાં મુકવામાં આવ્યા હતા. જેમાંથી ધોળકિયા હર્ષદ તથા કળસરીયા હિમાશું નાં ચિત્ર એવોર્ડ માટે પસંદગી પામ્યા હતા. આ બંને વિદ્યાર્થીઓને એવોર્ડ અને સર્ટીફિકેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ વિદ્યાર્થીઓને તૈયાર કરવામાં ડ્રોઈંગ ટીચર શ્રી પુજાબેન રાઠોડે ભારે જહેમત ઉઠાવેલ આ માટે સંચાલન આચાર્યશ્રી મેઘજીભાઈ સાયબાણી અને સંકલન શ્રી રેશ્માબેન શાહે કરેલ. તેમજ આ કાર્યક્રમ માટે શ્રી અમુલભાઈ પરમારનો (ખોડિદાસ પરમાર આર્ટ ફાઉન્ડેશન) ખુબ સહયોગ મળ્યો હતો.

- **કેન્સર અવેરનેસ કાર્યક્રમ**

તા.૧૯-૦૯-૨૦૨૪નાં રોજ શાળામાં આશિર્વાદ ફાઉન્ડેશન અમદાવાદ દ્વારા બ્રેસ્ટ તથા ગર્ભાશય કેન્સરના અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં આશિર્વાદ ફાઉન્ડેશન ભાવનગર કેન્દ્રના કો.ઓર્ડિનેટરશ્રી ભાનુબેન બોરીચાએ બ્રેસ્ટ તથા ગર્ભાશય કેન્સર માટેના જોખમી પરિબળો, કારણો તેને રોકવાના ઉપાયો, સાવચેતી તેમજ તે અંગેની વેકિસન અંગે અતિ વિસ્તૃત અને ઉપયોગી માહિતી રસપ્રદ શૈલીમાં આપી હતી. આ અવેરનેસ કાર્યક્રમમાં શાળાનો મહિલા સ્ટાફ, વોકેશનલ વિભાગ તેમજ ટિચર્સ ટ્રેઈનિંગ કોલેજની વિદ્યાર્થીનીઓ સહિત બહોળી સંખ્યામાં બહેનો જોડાયેલ.
















- **Distribution of sweets and crackers :** As usual this year also crackers were given to the students of our school by shri Jitubhai Fatakada Vala, shri Nimeshbhai Desai and Paragbhai Maniar. With efforts of Nehalben Gadhvi and Bhavishben Parekh, well wishers donated sweets and Namkin to all students. All children were very happy by receiving sweet, Namkin and Crackers.

- **Ration kit distribution :** poor needy students of the school and class 4 servants of the school were given Ration kit from the institute.

- **Blanket distribution :** In accordance with world mental disability day Donor shri Jitenbhai Kapadiya, Smt. Bhumikaben Kapadiya distributed free Blanket to each and every students of our school. Thanks to our Hon.Treasure Shri Devalbhai Sheth who motivate donor to donate Blanket to our children.

- **Distribution of woolen Jersey and Blanket :** with the cooperation of donors 206 students were given woolen jersey. All class 4 employees of school were given Blanket by Vallabh Youth Organisation (VYO).

- **Distribution of soft toys :** On the occasion of 68th Birthday of Shri Mukesh Ambani – Chairman Reliance Industries, Arham Group distributed attractive and beautiful soft toys to all students of our school. Program was organized and supervised by our Principal Shri Meghjibhai Saybani.

### ♦ ફટાકડા - મીઠાઈ વિતરણ

દિપાવલી પર્વ નિમિત્તે દર વર્ષની માફક આ વર્ષે પણ શાળામાં તાલીમ મેળવતા દરેક બાળકોને શ્રી જીતુભાઈ ફટાકડાવાળા, શ્રી નિમેષભાઈ દેસાઈ તથા શ્રી પરાગભાઈ મણિયાર તરફથી ફટાકડા આપવામાં આવ્યા હતા તેમજ શાળાના શિક્ષક શ્રી નેહલબેન ગઢવી તથા શ્રી ભાવિષાબેન પારેખના પ્રયત્નોથી શુભેચ્છકો દ્વારા મીઠાઈ તથા ફરસાણ આપવામાં આવેલ ફટાકડા તથા મીઠાઈ મેળવી બાળક અતિ આનંદિત થયેલ.

### ♦ અનાજ કિટ વિતરણ કાર્યક્રમ

શાળામાં તાલીમ મેળવતા ગરીબ અને જરૂરિયાતવાળા બાળકો તથા શાળાના વર્ગ ૪ના સેવક ભાઈઓ બહેનોને સંસ્થા તરફથી અનાજની કિટ આપવામાં આવી હતી.

### ♦ ધાબળા વિતરણ

વિશ્વ માનસિક વિકલાંગ દિવસનાં અનુસંધાને દાતા શ્રી જિતેનભાઈ કાપડિયા, શ્રીમતી ભુમિકાબેન કાપડિયા દ્વારા શાળામાં તાલીમ મેળવતા દરેક બાળકોને ગરમ ધાબળા આપવામાં આવેલ શાળાના માનદ્ ટ્રેઝરર શ્રી દેવલભાઈ જે. શાહનાં સઘન અને પ્રશંસનિય પ્રયોત્નોથી દાતાશ્રી દ્વારા બાળકોને આ ગરમ ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

### ♦ સ્વેટર તથા ધાબળા વિતરણ

દાતાઓશ્રીઓનાં સહયોગથી શાળાના ૨૦૬ બાળકોને ગરમ સ્વેટર આપવામાં આવ્યા હતા તેમજ શાળાના વર્ગ-૪ નાં કર્મચારીઓને વલ્લભ યુથ ઓર્ગેનાઈજેશન (VYO) ભાવનગર તરફથી ગરમ ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

### ♦ સોફ્ટ ટોયઝ વિતરણ કાર્યક્રમ

અર્હમ ગ્રુપ તરફથી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન

- **Celebration of constitution day :** On 26th November 2024 our Indian Constitution completed 75 years. The day was celebrated in the school in which students, parents, staff participated. Primary information and importance of constitution were explained. Preamble Pledge was taken by all participants.

- **Divyang voter Registraton camp :** 3rd December is celebrated as world disabled day in the entire world. Under the theme of " Amplifying the leadership of persons with disabilities for an inclusive and sustainable future" the day was celebrated in special manner in our school also. As part of the celebration Mentally disabled, deaf & dumb, blind, cerebral palsy and children/persons with other disabilities, a camp to register their name in the electoral list and issue of new voters card and changes/correction in the same was organized. In this voter awareness program, our scool, Natraj C.P. school, high tech inclusive school, office of the district social defense officer, Asst. voter registration officer ( 104/105 constituencies of Gujarat Assembly ) and city Mamlaatdar Bhaaavnaagr city were the co sponsor and participants . In this camp District Social Defense officer shri Bhagirathsinh Chudasama, secretary of P.N.R. Society Shri Parasbhai Shah, our Hon.Sec. (Edu) shri D.J.Dhandhukiya, Principal Natraj C.P.schoo Shri Jignaben Shah were present. During camp program, 38 new voter's card issued and 12

મુકેશ અંબાણીના ૬૮ માં જન્મ દિવસ નિમિત્તે શાળામાં તાલીમ મેળવતા દરેક બાળકોને સુંદર અને આકર્ષક સોફ્ટ ટોયઝનું વિતરણ કરવામાં આવ્યું હતું. આચાર્ય શ્રી મેઘજીખાન સાચબાણીના માર્ગદશન અને દેખરેખ હેઠળ આ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યુ હતુ.

- **બંધારણ દિવસની ઉજવણી**

તારીખ ૨૬ નવેમ્બર-૨૦૨૪નાં રોજ ભારતનાં બંધારણને ૭૫ વર્ષ પૂર્ણ થતા શાળામાં બંધારણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બાળકો, વાલીઓ, સ્ટાફને ભારતના બંધારણ વિશે પ્રથામિક માહિતી તેમજ બંધારણનું મહત્ત્વ સમજાવવામાં આવેલ તેમજ Preamble Pledge લેવડાવવામાં આવી હતી.

- **દિવ્યાંગ મતદાર રજીસ્ટ્રેશન કેમ્પ**

સમગ્ર વિશ્વમાં ૩જી ડિસેમ્બર વિશ્વ વિકલાંગ દિવસ તરીકે મનાવવામાં આવે છે. Amplifying the leadership of perons with disabilities for an inclusive and sustainable future જે અંતર્ગત શાળા ખાતે પણ આ દિવસ વિશિષ્ટ રીતે મનાવવામાં આવેલ. જેમાં મનોદિવ્યાંગ, બહેરા-મુંગા, પ્રજ્ઞાચક્ષુ, મગજના લકવાવાળા તથા અન્ય દિવ્યાંગતા ધરાવતા બાળકો માટે નવા ચૂંટણી કાર્ડ સુધારણા તથા ચૂંટણી કાર્ડમાં દિવ્યાંગતા ઉમેરવા તથા મતદાર જાગૃતિ અંગેનો કાર્યક્રમ અંકુર મંદબુદ્ધિવાળા બાળકોની શાળા, નટરાજ સી.પી. સ્કૂલ, હાઇટેક ઇન્કલૂઝિવ સ્કૂલ, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી, મદદનીશ મતદાર નોંધણી અધિકારી (૧૦૪/૧૦૫ વિધાનસભા મતદાર વિભાગ) અને સી.ટી. મામલતદાર ભાવનગર સીટીનાં સંયુકત ઉપક્રમે યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી શ્રી ભગીરથસિંહ ચુડાસમાં,









correction were registered. Purpose of this program was to include disabled persons in the main stream of the society.

- **Gayatri Maha Yagna :** On 24-12-2024 Gayatri Maha Yagna was performed in the school. This program was organized by Shri Hemangiben Desai ( Gayatri Parivar Surat ) shri Dineshbhai Trivedi ( Gayatri Parivar Bhavnagar ). Mentally Disabled Students of the Mahdev school and its staff were also joined in the program. After Yagna Prasad ( lunch ) was also given to all children and staff. The program was very useful for the awareness and realization of environment and our cultural heritage.

- **Visit to Statue of unity by Mano Divyag Children :** An Excursion to visit Narmada Dam, Statute of unity was organized on 17th and 18th of February 2025 for our students. In this 2 days trip, our children watched world's tallest statue; statue of unity. Children were impressed very much by watching the statute of Sardar Patel. Students also visited Safari Park, GlowGarden, and also enjoyed trip in cruze in the river Narmada. Children enjoyed this very much. Our teachers provided full information with required knowledge to the students. The excursion was carried out with financial support from donors. The excursion was concived and conducted by shri Nehalben Gadhvi. Overall coordination was done by shri Meghjibhai Saybani. Total 170 students and staff participated in the Program.

**પી.એન.આર. સોસાયટીના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઇ શાહ, શાળાના માનદ્ મંત્રી શ્રી ડી. જે. ધંધુકીયા, નટરાજ સી. પી. સ્કૂલનાં આચાર્યશ્રી જિજ્ઞાબેન શાહ ઉપસ્થિત રહેલ આ કાર્યક્રમમાં કુલ ૩૮ નવા ચુંટણી કાર્ડ તથા ૧૨ ચુંટણી કાર્ડ સુધારણાની નોંધણી કરવામાં આવી હતી. કાર્યક્રમનો હેતુ દિવ્યાંગોને સમાન અધિકાર સાથે સમાજના મુખ્ય પ્રવાહમાં ભેળવવાનો છે.**

### ♦ ગાયત્રી મહાયજ્ઞ

**તા.૨૪-૧૨-૨૦૨૪નાં રોજ શાળામાં ગાયત્રી મહાયજ્ઞનું ભવ્ય આયોજન શ્રી હેમાંગીબેન દેસાઇ (ગાયત્રી પરિવાર સુરત) શ્રી દિનેશભાઇ ત્રિવેદી (ગાયત્રી પરિવાર - ભાવનગર) દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં સુરતની મહાદેવ સ્કુલ તથા શાળાના મંદબુદ્ધિ બાળકો તેમજ સ્ટાફ પરિવાર જોડાયેલ. યજ્ઞ બાદ ગાયત્રી પરિવાર તરફથી બાળકો તથા સ્ટાફ માટે પ્રસાદ (ભોજન) ની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. પર્યાવરણ અને સાંસ્કૃતિક વારસાની ઝાંખીના સંદર્ભમાં આયોજન હેતુ પૂર્ણ રહ્યું.**

### ♦ મનોદિવ્યાંગ બાળકોએ નિહાળ્યુ સ્ટેચ્યુ ઓફ યુનિટી

**તા.૧૭/૧૮ ફેબ્રુઆરી-૨૦૨૫ દરમ્યાન શાળાના બાળકો માટે નર્મદા, સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે બે દિવસીય શૈક્ષણિક પ્રવાસ યોજવામાં આવ્યો હતો. આ બે દિવસીય પ્રવાસમાં બાળકો વિશ્વની સૌથી ઉંચી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા નિહાળી અભિભુત થયા હતા. સાથોસાથ સફારી પાર્ક, ગ્લોગાર્ડન તેમજ નર્મદાના નીરમાં ક્રુઝની આહલાદક સફર કરી બાળકો અતિ આનંદિત થયા હતા. શાળાના શિક્ષકો દ્વારા બાળકોને વિવિધ સ્થળોની જ્ઞાનસભર માહિતી પુરી પાડવામાં આવી હતી. શાળાના શિક્ષક**

- **One day Picnic :** On 13th October 2024 one day Picinc was organized at N.B.Cafe & Restaurant. In the Picnic children played Joyfully various fun Games & Rides. Children were very delighted by Dancing freely with the D.J. At the end delicious dinner was offered to all children and staff by the donors of the program. We thank organizers of the program.

  On 09/05/25, one day Picnic was organized at Nirali Farm House Akwada by one of the well wisher of our institute. Here also children enjoyed various rides, D.J.Dance and enjoyed delicious dinner. Evry child was gifted an attractive school bag. In this Picnic our Hon.Secretary Shri Alpeshbhai Sheth, Principal shri Meghjikhan Saybani, Staff, Teachers Training college students, parents of the children also joined with enthusiasm.

- **Prarthna sabha & best worker award :** Like every year, this year also in the memory of Father-Mother and wife of our Donor shri Khushendrabhai Desai PrarthnaSabha was organized. In the Prarthnasabha our Musuc Therapist Dr. Bhavnaben Andhariya, Teachers S/Shri Reshamaben Shah, Krishnaben Rupera presented melodious Bhajans. Music was offered by blind children of blind school. From last 2 years Hansaben Jotani Family honors best performing Teacher and worker. This year as best worker Bhavishben Parekh and as best servant

**શ્રી નેહલબેન ના પ્રયત્નો થકી મળેલ દાતાઓના સહયોગથી પ્રવાસ સુંદર રીતે સંપન્ન થયેલ. પ્રવાસનું સંચાલન સુશ્રી નેહલબેન ગઢવી અને સમગ્ર સંકલન આચાર્ય શ્રી મેઘજીખાન સાચબાણી દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રવાસમાં શાળાના ૧૭૦ બાળકો તથા સ્ટાફ જોડાયેલ.**

♦ **પિકનીક** - One day Picnic

**તા.૧૩-૧૦-૨૦૨૪નાં રોજ** N.B Cafe & Restaurant **ખાતે** One Day Picnic **નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોએ વિવિધ ફન ગેઈમ્સ તથા રાઈડ્સનો આનંદ માણ્યો હતો તથા** D. J. **ના સથવારે ફ્રી ડાન્સ કરી બાળકો અતિ રોમાચિંત થયા હતા. આ પિકનીકમાં દાતા દ્વારા બાળકો તથા સ્ટાફ માટે ભોજનની પણ સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. આયોજકનો આભાર...**

**તા.૦૯.૦૫.૨૦૨૫નાં રોજ નિરાલી ફાર્મ હાઉસ અકવાડા ખાતે સંસ્થાના એક શુભેચ્છક દાતા તરફથી** One day picnic **નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં બાળકોએ વિવિધ રાઈડસ,** D.J. **ડાન્સ તથા સુંદર ડિનરનો આનંદ માણ્યો હતો સાથો સાથ દરેક બાળકોને આકર્ષક સ્કુલ બેગ પણ ગીફટમાં આપવામાં આવી હતી આ** picnic **માં માનદ્ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠ, આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણી, સ્ટાફ પરિવાર, ટીચર્સ ટ્રેઈનીંગ કોલેજના તાલીમાર્થીઓ, બાળકો તથા વાલીઓ બહોળી સંખ્યામાં ઉત્સાહભેર જોડાયા હતા.**

♦ **પ્રાર્થના સભા - શ્રેષ્ઠ કાર્યકર એવોર્ડ વિતરણ**

**દર વર્ષની માફક આ વર્ષે પણ સંસ્થાના દાતા શ્રી ખુશેન્દ્રભાઈ દેસાઈના માતા-પિતા તથા તેમના ધર્મપત્નીના સ્મરણાર્થે પ્રાર્થના સભાનું આયોજન**












shri Chitharbhai Chohala were honored by shri Harshkant Rakhasiya Sir. On this occasion our Managing Trustee shri Anantbhai Shah ( Baba Bhai ), Hon Secretaries S/Shri Alpeshbhai Sheth, D.J.Dhandhukiya Sir, Trustee shri Parasbhai Shah, Shri Harshkant Rakhashiya and many parents were present. Program was conducted by Bhavnaben Andhariya overall coordination was done by Shri Meghjikhan Saybani.

- **Celebration of birthday of shri Bababhai :** Birthday of our Managing trustee shri Anantbhai K. Shah (Shri Bababhai ) was celebrated in the school by icecrem party to all students from him.

## Sports

- **Our pride at national level :** From 01/092024 to 05/09/2024, national level championship of balling games was organized at Delhi. Our student Kaldoriya Alfaz Paricipeted in this championship as team member of Gujarat state. He earned Gold and Silver Medels. He earned pride not only for self but for Gujarat state and Ankur School Bhavnagar for hos splendid achievement at National Leval. We congratulate student, Principla shri Meghjikhan Sayabani, sports teacher shri Asifbhai Pathan, Shri Fatemben and escort shri Amitaben patel.

કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના મ્યુઝીક થેરાપીસ્ટ ડો. શ્રી ભાવનાબેન અંધારિયા, શિક્ષક શ્રી રેશ્માબેન શાહ, શ્રી ક્રિષ્નાબેન રૂપેરાએ સુંદર ભજનો રજુ કર્યા હતા અને તેમની સાથે સંગીત અંધ શાળાના બાળકોએ આપ્યુ હતું.

આ સાથે હંસાબેન જોટાણી પરિવાર તરફથી છેલ્લા બે વર્ષથી સંસ્થાના વર્ષ દરમ્યાન શ્રેષ્ઠ કામગીરી કરતા શિક્ષક, કાર્યકરને સન્માનિત કરવામાં આવે છે. શ્રી હર્ષકાંતભાઈ રાખશીયા સાહેબ દ્વારા આ વર્ષે શ્રેષ્ઠ કાર્યકર તરીકે શ્રીમતિ ભાવિષાબેન પારેખ અને શ્રેષ્ઠ સેવક તરીકે શ્રી ચિથરભાઈ ચોહલાને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અનંતભાઈ કે. શાહ (બાબાભાઈ), માનદ્ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠ, શ્રી ડી. જે. ધંધુકિયા, ટ્રસ્ટી શ્રી પારસભાઈ શાહ, શ્રી હર્ષકાંતભાઈ રાખશીયા સાહેબ તથા વિશાળ સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનું સંચાલન ડો. ભાવનાબેન અંધારિયાએ અને સમગ્ર કાર્યક્રમનું સંકલન આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણી દ્વારા કરવામાં આવ્યું હતું.

### ♦ શ્રી બાબાભાઈનાં જન્મ દિવસની ઉજવણી

સંસ્થાનાં મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અનંતભાઈ કે. શાહ (શ્રી બાબાભાઈ) નાં જન્મ દિવસ નિમિત્તે દર વર્ષની માફક આ વર્ષે પણ શાળામાં તાલીમ મેળવતા દરેક બાળકોને તેમના તરફથી આઈસ્કીમનો આસ્વાદ કરાવવામાં અવ્યો હતો.

## રમત-ગમત

### ♦ રાષ્ટ્રિય કક્ષાએ શાળાનું ગૌરવ

તા.૦૧-૦૯-૨૦૨૪ થી તા.૦૫-૦૯-૨૦૨૪ દરમ્યાન દિલ્હી ખાતે બોલિંગ ગેમ્સની નેશનલ ચેમ્પિયનશીપ યોજાયેલ જેમાં શાળાના વિદ્યાર્થી કલદોરીયા અલ્ફાઝે ગુજરાતની ટીમ વતી ભાગ લઈ ગોલ્ડ અને સિલ્વર બે મેડલ મેળવી રાષ્ટ્રિય કક્ષાએ અંકુર શાળા - ભાવનગર







- **Our achievement in Table Tenis :** At DaxinaMurti Gijubhai Balmandir, a open Bhavnagar District second Table Tenis championship was organized. Total 470 children participated in this championship. With these normal children our 7 students participated and competed with normal children and also performed very well and received compliments from the public. All children who participated were given Sports T-shirt and Bag as a gift. All these students were engaged for consistent Practice.

- **Runners up in cricket tournament :** Navchetan Andh Jan Mandal organized a cricket tournament for mentally disabled children at Baladiya ( Kutchh ). In this state level tournament, our team performed very well and secured runners up position. Team was honored with a trophy and 5000/- cash reward. Under the Guidance of our Principal shri Meghjikhan Saybani our Sports teacher shri Asifkhan, S/Shri Jaypalsinh Gohil, Parasbhai Parmar, Hardipbhai Kamaliya took care to practice the team without any break and provided necessary Guidance to the children.

- **Special Khel MahaKumbh :** With a view to brought out hidden energies of disabled children, District sports department, organized Special Khel MahaKUmbh at Sidsar Sports Complex. Our students performed very well in the event and

તેમજ ગુજરાતનું ગૌરવ વધારેલ સંસ્થા પરિવાર દ્વારા આ વિશિષ્ટ સિદ્દિધ મેળવવા બદલ વિદ્યાર્થી, આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી સ્પોર્ટસ શિક્ષક શ્રી આસીફભાઇ પઠાણ, શ્રી ફાતેમાબેન તેમજ એસ્કોર્ટ ભુમિકા નિભાવનાર શ્રી અમીતાબેન પટેલને અભિનંદન પાઠવ્યા હતા.

♦ **ટેબલ ટેનિસમાં શાળાના બાળકો ઝળકયા**

દક્ષિણમૂર્તિ ગીજુભાઇ બાલમંદિર ખાતે ભાવનગર ડિસ્ટ્રિકટ સેકન્ડ ઓપન ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપનું આયોજન કરવામાં આવ્યું. જેમાં સમગ્ર ભાવનગર માંથી ૪૭૦ જેટલા બાળકોએ ભાગ લીધો હતો. આ સામાન્ય બાળકોની સાથે શાળાના ૭ (સાત) મંદબુધ્ધિ બાળકોએ ભાગ લઇ સામાન્ય બાળકો સાથે સ્પર્ધા કરી ઉત્કૃષ્ટ દેખાવ કરી લોકોની ખુબ જ પ્રસંશા મેળવી હતી. આયોજક તરફથી દરેક બાળકોને સ્પોર્ટસ ટી-શર્ટ તથા બેગ ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી.

♦ **ક્રિકેટ ટુર્નામેન્ટમાં રનર્સઅપ વિજેતા**

નવચેતન અંધજન મંડળ દ્વારા માધાપરના બળદિયા (કચ્છ) ખાતે બૌદ્દિધક અસક્ષમ બાળકોની રાજય કક્ષાની ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાયેલ જેમાં શાળાની ટીમે સુંદર પર્ફોમન્સ કરી રનર્સઅપ વિજેતા થયેલ ટીમને ટ્રોફી તથા રૂા.૫,૦૦૦/- રોકડ પુરસ્કાર મળેલ આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણીનાં માર્ગદર્શન હેઠળ શાળાના સ્પોર્ટસ શિક્ષક શ્રી આસીફખાન તથા શિક્ષક શ્રી જયપાલસિંહ, શ્રી પારસભાઇ પરમાર, શ્રી હરદીપભાઇ કામળીયાએ આ બાળકોને સતત પ્રકટીસ અને માર્ગદર્શન આપેલ.

♦ **સ્પેશ્યલ ખેલ-મહાકુંભમાં શાળાનાં બાળકોની વિશિષ્ટ સિદ્દિધ**

ઇન્ટેલેકચ્યુઅલ ડિસેબલ્ડ બાળકોની સુષુપ્ત શકિતઓ બહાર લાવવા તા.૬/૭ ફેબ્રુઆરી-૨૦૨૫ દરમ્યાન



secured 27 Gold, 35 Silver and 34 Bronze medel. They also won cash rewrds worth Rs. 2,26,000/- by this splendid achievement, our school's name was praised at district level.

- **State level Special Khel MahaKumbh :** From 30-04-2025 to 03-05-2025 Special Khel MahaKumbh for Mentally Disabled children was organized at HimatNagar. Our students participated in the event and secured 2 Bronze Medel. By this achievement name of Ankur was shined at Gujarat State Level.

## Cultural Activity

- **Presentation in BhavRang :** In the cultural program "BHAV RANG" organized by well known Daily of Bhavnagar "Saurashtra Samachar" on the occasion of "vachak Mahotsav"; at Atal Auditorium, our children presented a dance sequence on Patriotic songs. Our children were greeted by the audience by offering standing ovation. To make program successful. By participating in such programs, special child develops self confidence that he is able to do something and perform well. It also brings happiness to parents.

- **Saad-Pratisaad—2024 :** From 08/11/2024 to 10/11/2024, at Surat UmiyaDham a cultural Program was organized by Anam Prem Institute. In this program from our school 9 students and



સીદસર સ્પોર્ટસ કોમ્પલેક્ષ ખાતે જિલ્લા રમત-ગમત વિભાગ દ્વારા સ્પેશ્યલ ખેલ-મહાકુંભ યોજાયેલ જેમાં શાળાના બાળકોએ વિવિધ એથ્લેટીકસ તથા ટીમ ગેઈમમાં સુંદર પરર્ફોમન્સ કરી ૨૭ ગોલ્ડ ૩૫ સીલ્વર તેમજ ૩૪ બ્રોન્ઝ કુલ ૯૬ મેડલ તથા રૂા.૨,૨૬,૦૦૦/- નું રોકડ પુરસ્કાર મેળવી જિલ્લા કક્ષાએ શાળાનું નામ રોશન કર્યું હતું.

- **રાજ્યકક્ષાએ શાળાનું ગૌરવ**

તા.૩૦-૦૪-૨૦૨૫ થી તા.૦૩-૦૫-૨૦૨૫ દરમ્યાન હિંમતનગર ખાતે મંદબુદ્ધિ બાળકોના રાજ્યકક્ષાના સ્પેશ્યલ ખેલ-મહાકુંભનું આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં શાળાના બાળકોએ ૨ બ્રોન્ઝ મેડલ મેળવી રાજ્યકક્ષાએ શાળાનુ ગૌરવ વધાર્યું હતુ.

## કલ્ચરલ એક્ટિવિટી

- **ભાવરંગ માં કૃતિ પ્રસ્તુતિ**

સુપ્રસિધ્ધ વર્તમાનપત્ર સૌરાષ્ટ્ર સમાચારનાં ''વાચક મહોત્સવ'' નાં સાંસ્કૃતિક કાર્યક્રમ ''ભાવરંગ'' માં અટલ ઓડિટોરિયમ ખાતે શાળાના બાળકોએ દેશભકિત ગીત ઉપર ડાન્સ કૃતિની પ્રસ્તુતિ કરી હતી. બાળકોના ડાન્સ બાદ શ્રોતાગણ દ્વારા સ્ટેન્ડિંગ ઓવેશનથી બાળકોને બિરદાવવામાં આવેલ. આ પ્રકારના કાર્યક્રમોથી વિશિષ્ટ બાળકોમાં ''પોતે પણ કંઇક કરી શકે છે તેવો આત્મવિશ્વાસ આવે છે'' અને પેરન્ટ પણ ખુશ થાય છે.

- **સાદ પ્રતિસાદ - ૨૦૨૪**

તા.૦૮-૧૧-૨૦૨૪ થી ૧૦-૧૧-૨૦૨૪ દરમ્યાન સુરતનાં ઉમિયાધામ ખાતે અનામ પ્રેમ સંસ્થા દ્વારા આયોજીત સાદ પ્રતિસાદ - ૨૦૨૪ નાં કાર્યક્રમમાં શાળાના ૯ બાળકો તથા શિક્ષક શ્રી જયપાલસિંહ




teachers S/shri Jaypalsinh Gohil, Parasbhai Parmar, Pragnaben Chauhan and Monaliben Upadhyay joined. Children participated enthusiastically in the various competition like Drama, Memorygame, Drawing competition, clay workshop, best out of waste etc. children have also visited zoological garden at Sarthan, Surat. Anam Prem ( organizing Institiute ) gave certificates to all children and a trophy to our School. Our school and staff always try to develop personality of our children.

- **First number in regional level folk dance competition :** At Amreli Regional ( Saurashtra ) level folk dance competition 2024-2025 was organized by District cultural department office Bhavnagar. Our school participated in this competition and secured first number. By this achievement, name and fame of Ankur touched a next level. Our teachers S/shri Krishnaben Rupera, Komalben Rupera and Hardipbhai Kamaliya provided guidance to the children.

- **Cultural Presentation by our school Children:** Navnidhi Divyang Trust ShishuVihar organized a program to bestow special honor to the ladies of the society involvedin cultural activity and with special ability. 17 students of our school presented a beautiful item in the program and earned appreciation from the audience present in the program.



ગોહિલ, શ્રી પારસભાઈ પરમાર, શ્રી પ્રજ્ઞાબેન ચૌહાણ, શ્રી મોનાલીબેન ઉપાધ્યાય જોડાયા હતા.

આ કાર્યક્રમમાં બાળકોએ ડ્રામા, મેમરી ગેમ, ડ્રોઈંગ કોમ્પિટીશન, કલે વર્કશોપ અને બેસ્ટ આઉટ ઓફ વેસ્ટ જેમ વિવિધ સ્પર્ધાઓમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો તેમજ બાળકોને સરથાણ, સુરત ખાતેના ઝૂલોજિકલ ગાર્ડનની મુલાકાત કરાવવામાં આવી હતી આયોજક અનામ પ્રેમ સંસ્થા દ્વારા દરેક બાળકોને પાર્ટિસિપેટ સર્ટીફિકેટ તથા શાળાને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. સ્ટાફ પરિવાર બાળકોના વ્યકિતત્વને ખિલવવા હંમેશા તત્પર રહે છે.

- **પ્રદેશકક્ષાના લોકનૃત્ય સ્પર્ધામાં શાળાનો પ્રથમ ક્રમાંક**

જિલ્લા યુવા અને સાંસ્કૃતિક વિભાગ ભાવનગર કચેરી દ્વારા અમરેલી ખાતે સૌરાષ્ટ્ર પ્રદેશકક્ષાના ઉમંગ ઉત્સવ સ્પર્ધા : ૨૦૨૪-૨૫ યોજાયેલ જેમાં શાળાએ લોકનૃત્ય સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી શાળા તથા ભાવનગરનું ગૌરવ વધારેલ શાળાના શિક્ષક શ્રી ક્રિષ્નાબેન રૂપેરા તથા શ્રી કોમલબેન રૂપેરા, શ્રી હરદિપભાઈ કામળીયાએ બાળકોને માર્ગદર્શન આપેલ.

- **શાળાના બાળકોની કલા પ્રસ્તુતિ**

નવનિધી દિવ્યાંગ ટ્રસ્ટ દ્વારા શિશુવિહાર ખાતે તા.૨૬/૦૩/૨૦૨૫નાં રોજ સાંસ્કૃતિક તથા વિશેષ યોગ્યતા ધરાવતી મહિલાઓનો સન્માન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં શાળાના ૧૭ બાળકોએ એક સુંદર કૃતિ રજુ કરી ઉપસ્થિત શ્રોતાઓની સરાહના મેળવી હતી.

## 4. Shri D.K.Ajmera Foundation and Smt. Bhanumati Vadilal Chatrabhuj Gandhi "BHANU-VADI" Vocational training center for M.R. Children.

Vocational Training center is established with a view to make Mano divyang Child self dependent and earning. Child above the age of 18 years this vocational Training Center produces items like Rakhi, tilight, Toran, todaliya (wall Hanging), shopping bag, wallet, files, candles, dipaks, Money covers, seating cautions, handicrafts etc various useful items.

Vocational center is functioning under direct supervision and guidance of shri Nehalben Gadhavi; and for the selling of items, advertise and appeals are circulated through social media. We have received very good response within country and from overseas also. Demand for our items is praise worthy and during the total sell which was 11,95,000 in the year 2021-22 Jumped in 3 years to more than 39 lakhs. Thanks to managerial skill, inspiration and team work by Nehalben Gadhvi. Congratulations Nehalben. Total sell of Rs.39,21,317/- achieved and stipend was also paid to children involved in the production. At present, 8 students who were trained in our school are independently doing Job/Service in various places out of school.

- **Rakhi Project/ Exhibition cum sale:**

Exhibitions cum sale are organized with a view to teach selling and financial transaction to the trainees of vocational Training center. Following exhibition cum sale were organized



| ક્રમ | વર્ષ | બાળકોની સંખ્યા | સ્ટાઈપેન્ડની રકમ રૂા. |
|---|---|---|---|
| ૧ | ૨૦૨૩-૨૪ | ૨૬ | ૨,૫૫,૫૦૦/- |
| ૨ | ૨૦૨૪-૨૫ | ૩૪ | ૬,૪૩,૮૫૮/- |

## ૪. શ્રી ડી. કે. અજમેરા ફાઉન્ડેશન, શ્રીમતી ભાનુમતિ વાડીલાલ ચત્રભુજ ગાંધી ''ભાનુવાડી'' વોકેશનલ ટ્રેઈનિંગ સેન્ટર

વોકેશનલ ટ્રેઈનિંગ સેન્ટરમાં ૧૮ વર્ષથી ઉપરનાં બાળકોને આર્થિક રીતે પગભર થાય તે હેતુસર વ્યવસાયિક તાલીમ આપવામાં આવે છે વોકેશનલ સેન્ટરનાં બાળકો દ્વારા રાખડી, ટીલાઈટ, તોરણ, ટોડલીયા, શોપીંગબેગ, બટવા, મિણબત્તી, દિવડા, મનીકવર, આસન, હેન્ડીક્રાફટ જેવી વિવિધ વસ્તુઓ બનાવવામાં આવે છે.

સુશ્રી નેહલબેન ગઢવીની સીધી દેખરેખ અને માર્ગદર્શન હેઠળ કાર્યરત વોકેશનલ સેન્ટરમાં બાળકો દ્વારા નિર્મિત વસ્તુઓના વેચાણ માટે સોશિયલ મીડિયા તથા વખતોવખત એકઝીબિશન દ્વારા પ્રચાર/પ્રસાર કરવામાં આવેલ જેનો દેશ-વિદેશમાં સારો એવો પ્રતિસાદ મળ્યો હતો અને ઉત્પાદન કરેલ વસ્તુઓની ખૂબજ સારી એવી માંગ રહી હતી. હજુતો ૨૦૨૧-૨૨માં જે વેચાણ રૂા.૧૧,૯૫,૦૦૦/- નું હતું તે ત્રણ જ વર્ષમાં છલાંગ મારી રૂા. ૩૯ લાખને આંબીગયુ જે નેહલબેનના મેનેજેરીયલ કૌશલ્ય, ઈન્સ્પીરેશન અને ટીમ વર્કને આભારી છે. ખુબ અભિનંદન નેહલબેનને. વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન કુલ રૂા.૩૯,૨૧,૩૧૭/- નું વેચાણ કરવામાં આવેલ તેમજ ઉત્પાદન કાર્યમાં રોકાયેલ બાળકોને સ્ટાઈપેન્ડ ચુકવવામાં આવ્યુ હતું. તેમજ હાલ શાળામાંથી તાલીમ મેળવેલા ૮ બાળકો સ્વતંત્ર રીતે વિવિધ સ્થળે બહાર નોકરી કરે છે.

- **રાખડી પ્રોજેકટ / એકઝીબિશન કમ સેલ**

વોકેશનલ સેન્ટરના દિવ્યાંગ તાલીમાર્થીઓને ઉત્પાદન ઉપરાંત વેચાણ ડિલીવરી તથા પૈસાની લેવડ-દેવડ શિખવવાના હેતુથી એકઝીબિશન કમ સેલનું આયોજન કરવામાં આવે છે જેમા.



- 27th and 28th July 2024 at Iskon club with the cooperation of Ambikaben Tekriwal.
- 02/08/2024 GyanManjari Techo University
- 06/08/2024 MahaRani Nandkunvarba arts and commerce college for Girls.
- 11th and 12th Augustin theprogram of Parekh Mahila Mandal
- 11/08/2024 at Bhavsar Bhavan
- 02/08/2024 to 11/08/2024 at the venue of Gujarat Government Sponsered Garvi Gujarati Handicraft exhibition cum sale at Javahar Medan Bhavnagar.
- 29/09/2024 exhibion cum sale at Agrawal Hall by Agrawal Community,

Rakhis and other items like attractive Toran, Hanging, cution cover, Mobile cover, etc Produced by Manodivyang children in the Vocational Training center were exhibited for sell. With a view and intention of motivating our children, public of Bhavnagar purchased many many items from these exhibitions. Feedback from common public was very positive and encouraging. A Big Thanks To Bhavena Vasis ( citizens of Bhavnagar )

over and above, this, over all Gujarat and various cities of India online Rakhis were dispatched and delivered. For this splendid achievement, head of vocational center shri Nehalben Gadhvi, her entire team were congratulated by trustees and school family.



- તા.૨૭, ૨૮ જુલાઈ - ૨૦૨૪ ઈસ્કોન કલબ ખાતે અંબિકાબેન ટેકરીવાલાનાં સહયોથી...
- તા.૦૨/૦૮/૨૦૨૪નાં રોજ જ્ઞાનમંજરી ટેકનો યુર્નિસીટી ખાતે...
- તા.૦૬/૦૮/૨૦૨૪નાં રોજ મહારાણી શ્રી નંદકુવરબા મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે...
- તા.૧૧,૧૨ ઓગષ્ટ - ૨૦૨૪ પારેખ મહિલા મંડળ દ્વારા આયોજિત કાર્યક્રમમાં...
- તા.૧૧/૦૮/૨૦૨૪નાં રોજ ભાવસાર ભવન ખાતે...
- તા.૦૨/૦૮/૨૦૨૪ થી તા.૧૧/૦૮/૨૦૨૪ દરમિયાન ગુજરાત સરકારશ્રી દ્વારા આયોજિત ગરવી ગુર્જરી હસ્તકલા પ્રદર્શન કમ વેચાણ જવાહર મેદાન ખાતે...
- તા.૨૯/૦૯/૨૦૨૪નાં રોજ અગ્રવાલ સમાજ દ્વવારા અગ્રવાલ હોલ ખાતે એકઝીબિશન કમ સેલ.

જેમાં વોકેશનલ સેન્ટરનાં મનોદિવ્યાંગ તાલીમાર્થીઓ દ્વારા નિર્મિત રાખડીઓ ઉપરાંત વિવિધ અને આકર્ષક વસ્તુઓ જેમ કે તોરણ, હેગીંગ, કુશન કવર, મોબાઈલ કવર વિગેરે વસ્તુઓનું પ્રદર્શન કમ વેચાણનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં ભાવેણાની જનતા દ્વારા મનોદિવ્યાંગ બાળકોને પ્રોત્સાહન આપવાના ઉમદા આશય સાથે રાખડીઓ સહિત વિવિધ વસ્તુઓ ખરીદી સુંદર પ્રતિસાદ આપ્યો હતો.

આ ઉપરાંત ગુજરાત તથા સમગ્ર ભારતના વિવિધ શહેરોમાં ઓનલાઈન પણ રાખડીઓ પહોચાડવામાં આવી હતી.

આ સફળ પ્રોજેકટ માટે વોકેશનલ સેન્ટરનાં હેડ ઓફ ધી ડિપાર્ટમેન્ટ સુશ્રી નેહલબેન ગઢવી તથા તેમની સમગ્ર ટીમને ટ્રસ્ટીશ્રીઓ તથા શાળા પરિવાર વતી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

- **Dipavali project/Exhibition cum sale:**

  On occasion of dipavali in our Bhanuvadi vocational center our children produced items like various colourful and attractive Rangolis, Tilight, wallet, Small table cloth (Bajoth Rumal), Gift bag, Torans, candles, decorative dipaks, Hanging etc. items were sold online in the countries like USA, CANADA, ENGLAND etc and within country in the cities like Mumbai, Kanpur, Bangluru, Kolkatta etc. at local level on 19th and  and on 18th and 19th October 2024 at exhibition organized by G.K.Parekh, items of our vocational center were displayed. Citizens of Bhavnagar motivated our children by purchasing tese items. The profit earned by the selling was distribute amongst the Manodivyang children. To make this project successful head of the vocational department Shri Nehalben Gadhvi and her team made an appreciable efforts. Congratulations to all involved in the project.

- **vibrant Bhavnagar vision 2030 :** During 3rd January 2025 to 6th January 2025, at Javahar Ground, vibrant Bhavnagar vision 2030 was organized. Items produced in our vocational center like Toran, Potalio,bags,hanging, Labh-Shubh,Boria,candles, dipak,bracelet etc many new and innovative items were displayed in exchibition cum sale. Good number of Citizens of Bhavnagar visited this exhibition and motivated our children by purchasing their items. As a special gesture,

♦ **દિપાવલી પ્રોજેક્ટ/એક્ઝીબિશન કમ સેલ**

દિપાવલી પર્વ નિમિત્તે શાળા સંચાલિત ભાનુવાડી વોકેશનલ ટ્રેઈનિંગ સેન્ટરમાં મનોદિવ્યાંગ બાળકો દ્વારા બનાવવામાં આવેલ ટી-લાઈટ, કલરફુલ રંગોળીઓ, તોરણ, ટોડલીયા, બટવા બાજોટ રૂમાલ, ડેકોરેટીવ દિવડા તેમજ અન્ય વસ્તુઓનું વેચાણ અમેરિકા, કેનેડા, બ્રિટન જેવા દેશોમાં તથા ભારતના મુંબઈ, કાનપુર, બેંગ્લોર, કોલકતા તથા ગુજરાતના વિવિધ શહેરોમાં ઓનલાઈન વેચાણ કરવામાં આવ્યુ હતું તથા સ્થાનિક કક્ષાએ ઈસ્કોન કલબ ખાતે તારીખ ૧૯, ૨૦ ઓકટોબર દરમિયાન અંબિકાબેન ટેકરીવાલ દ્વારા આયોજીત દિપાવલી કાર્નિવલ તથા તારીખ ૧૮, ૧૯ ઓકટોબર જી. કે. પારેખ આયોજીત એક્ઝીબિશનમાં ભાવેણાવાસીઓએ બાળકો દ્વારા બનાવવામાં આવેલ વિવિધ વસ્તુઓ ખરીદી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

આ વેચાણમાંથી થતા નફાની રકમ મનોદિવ્યાંગ બાળકોને આપવામાં આવી હતી આ સમગ્ર પ્રોજેકટને સફળ બનાવવા વોકેશનલ વિભાગના હેડ શ્રી નેહલબેન ગઢવી તથા તેમની સમગ્ર ટીમ દ્વારા સરાહનિય પ્રયત્ન કરવામાં આવ્યા હતા.

♦ **વાઈબ્રન્ટ ભાવનગર** - Vision - 2030

તારીખ ૩ થી ૬ જાન્યુઆરી ૨૦૨૫ દરમ્યાન જવાહર મેદાન ખાતે વાઈબ્રન્ટ ભાવનગર Vision - 2030 માં વોકેશનલ સેન્ટરના મનોદિવ્યાંગ બાળકો દ્વારા નિર્મિત તોરણ, પોટલીઓ, થેલીઓ, હેગિંગ, લાભ શુભ, બોરીયા, મીણબત્તી, દિવાઓ, બ્રેસલેટ જેવી અનેક કલાત્મક અને નવીનતા પૂર્ણ વસ્તુઓનું એક્ઝીબિશન કમ સેલ રાખવામાં આવ્યું હતું જેની બહોળી સંખ્યામાં ભાવેણાવાસીઓએ મુલાકાત લઈ વસ્તુઓ ખરીદી મનોદિવ્યાંગ બાળકોને પ્રત્સાહીત કર્યા હતા તેમજ





Member of Parliament and state minister in central government, Nimuben Bambhania who also inaugurated this exhibition, visited our school stall. She appreciated skill of our children and efforts taken by our teachers. She congratulated all involved in the event.

- **Exhibition cum sale at Ahmedabad :** during 21st March 2025 to 23rd March 2025, at Karnavati Club Ahmedabad a NARI-2025 exhibition was organized by Cowe Gujarat Chapter. In this exhibition various items like attractive Toran, Todaliya, Batva, mobile Cover, cution Coverwere displayed in our stall. Citizens of AHMEDABAD and other cities of Gujarat in big numbers visited our stall and motivated our children by purchasing our items. As a special dignity motivational speaker shri Sanjay Raval visited our stall and noted the arts of our children and appreciated them.

Over and above at Ahemadabad, from 28th March to 30th March 2025, MAISHA organized life style and NRI exhibition where also we participated by putting our stall. Many people from Gujarat and other states of India visited our stall and were impressed very much. To make both these exhibitions successful, head of vocational center Shri Nehalben Gadhvi and her team make all the efforts. Such type of programs play a vital role for the socialization of our ManoDivyang children.



વિશેષમાં આ કાર્યક્રમના ઉદ્દ્ઘાટક ભાવનગરના સાંસદ અને કેન્દ્રીય રાજયમંત્રી શ્રીમતી નીમુબેન બાંભણીયાએ શાળાના સ્ટોલની મુલાકાત લઈ મનોદિવ્યાંગ બાળકોના કૌશલ્ય તથા શિક્ષકોની મહેનતને બિરદાવી અને અભિનંદન પાઠવ્યા હતા.

- **એકઝીબિશન કમ-સેલ**

તા. ૨૧-૨૨-૨૩ માર્ચ ૨૦૨૫ દરમ્યાન કર્ણાવતી કલબ અમદાવાદ ખાતે Cowe ગુજરાત ચેપ્ટર દ્વારા આયોજિત નારી-૨૦૨૫ એકઝીબિશનમાં વોકેશનલ સેન્ટરના મનોદિવ્યાંગ બાળકો દ્વારા બનાવવામાં આવેલ વિવિધ અને આકર્ષક તોરણ, ટોડલીય, બટવા, મોબાઈલ કવર, કુશન કવર વિગેરે વસ્તુઓનો સ્ટોલ રાખવામાં આવ્યો જેની અમદાવાદ તથા ગુજરાતના અન્ય સ્થળોએથી આવેલા લોકોએ બહોળી સંખ્યામાં મુલાકાત લઈ તેમજ વસ્તુઓ ખરીદી આ મનોદિવ્યાંગ બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. વિશેષમાં ગુજરાતના સુ-પ્રસિધ્ધ મોટીવેશનલ સ્પીકર શ્રી સંજયભાઈ રાવલે આપણા સ્ટોલની મુલાકાત લઈ શાળા તથા બાળકોની કલાની નોંધ લઈ તેમને બિરદાવેલ.

તેમજ અમદાવાદ ખાતે તા. ૨૮ થી ૩૦ માર્ચ ૨૦૨૫ દરમ્યાન MAISHA દ્વારા આયોજિત લાઈફ સ્ટાઈલ એન્ડ NRI એકઝીબિશનમાં પણ સ્ટોલ રાખવામાં આવ્યો હતો અને જેમાં ગુજરાત તેમજ ભારતના અન્ય રાજય તથા NRI લોકોએ સ્ટોલની મુલાકાત લઈ ખુબ જ પ્રભાવિત થયા હતા.

ઉપરોકત બંન્ને એકઝીબિશન કમ સેલને સફળ બનાવવા વોકેશનલ વિભાગના હેડ શ્રી નેહલબેન ગઢવી તથા તેમની ટીમ દ્વારા ખુબ જ જહેમત ઉઠાવી સરાહનિય કામગીરી બજાવવામાં આવી હતી. વિશેષમાં આ પ્રકારના આયોજનો દિવ્યાંગ બાળકોના સામાજિકરણ કરવામાં મહત્વનો ભાગ ભજવે છે.



## 5. Various projects run by the school for the welfare of children and staff. :

- **Dattak fund Project :**
  we at ankur don't charge any fee for the education and all children are trained/Educated free of cost. But there will be other necessities also, like Medical aid, Educational Instruments, Uniform, Transportation by Auto Riksha, special instruments depending on the type of disability, sports instruments, requirements for cultural Program etc. All these depends on money and finance and we have to depend for that on others. With a view to have development of child without any interruption we have evolved "DATTAK FUND Project" under this project, if any donor Donates Rs. 1,00,000/- "corpus fund" donor can Adopt ( DATTAK) one child whose all these requirements will be fulfilled from the interest of the corpus fund. At the end of the Educational year, progress report of the child who has been adopted by the donor, will be send to the donor.
- **Riksha sahay Project :**
  Though education at ankur is free, most of the children are from poor sector and from slum areas and very far away areas. The parents of these children, can not afford transportation expense to send this child to school. As a part of Door step service, school has started Riksha Sahay Project. During the year under report, 126 children were paid Rs. 4,87,175/- as Riksha Sahay for their Transportation to and fro home to school. As per fund's availability, we intend to cover more and more children under this project. For this increase in corpus of this project is very much needed.
- **Naish V. Shah Staff welfare Corpus fund….:**
  Institute also takes care of Staff Famil members. For this a corpus under title "Naish V. Shah Staff welfare Corpus fund is functioning. Shri Pradipbhai A Shah has donated a generous amount and interest earned is utilized to provide Medical and education of children aid to Trust Set up Staff members. A staff member is Paid Rs. 3000 for Medical aid and Rs. 2000 for




## ૫. વિદ્યાર્થીઓનાં ઉત્કર્ષ માટે સંસ્થામાં ચલાવવામાં આવતાં વિવિધ સપોર્ટિવ વેલ્ફેર પ્રોજેક્ટ

♦ **દત્તક ફંડ પ્રોજેક્ટ…**

સંસ્થામા તમામ બાળકોને નિઃશુલ્ક તાલીમ આપવામાં આવે છે. પરંતુ બાળકની અન્ય જરૂરિયાતો પણ હોય છે. જેમાં તેને તબીબી સહાય, શૈક્ષણિક સાધનો, યુનિફોર્મ, શાળાએ આવવા-જવાનું વાહનભાડું, અપંગતાનાં વિશિષ્ટ સાધનો, રમત-ગમતનાં સાધનો, સાંસ્કૃતિક કાર્યક્રમ જેવી અનેક જરૂરિયાતવાળી બાબતોમાં આર્થિક આધાર રાખવો પડે છે. આથી બાળકની પ્રગતિ અટકે નહિ અને બાળકનો વિકાસ સતત ચાલુ રહે, તે માટે સંસ્થામાં ''દત્તક ફંડ પ્રોજેક્ટ'' કાર્યરત છે. જેમાં દાતા રૂા.૧,૦૦,૦૦૦/- ''કોર્પસ ફંડ'' માં આપી, એક બાળક દત્તક લઇ શકે છે. જેની વ્યાજની આવકમાંથી બાળકની ઉપરોક્ત જરૂરિયાત પૂરી કરવામાં આવે છે. જે તે શૈક્ષણિક વર્ષનાં અંતે દાતાશ્રીઓને દત્તક લીધેલ બાળકોનો પ્રગતિ અહેવાલ મોકલવામાં આવે છે.

♦ **રિક્ષા સહાય પ્રોજેક્ટ…**

| ક્રમ | વર્ષ | બાળકોની સંખ્યા | રિક્ષા સહાયની રકમ રૂા. |
|---|---|---|---|
| ૧ | ૨૦૨૩-૨૪ | ૧૧૯ | ૪,૬૧,૧૭૫/- |
| ૨ | ૨૦૨૪-૨૫ | ૧૨૬ | ૪,૮૭,૧૭૫/- |

શાળામાં મોટા ભાગનાં બાળકો ગરીબ અને સ્લમ તથા અંતરિયાળ વિસ્તારોમાંથી આવે છે. આથી આવા બાળકોને શાળામાં આવવા-જવાનો ખર્ચ ન પોસાય-તે સ્વાભાવિક છે. આ માટે સંસ્થાએ ડોર સ્ટેપ સર્વિસના ભાગરૂપે ''રિક્ષા સહાય'' પ્રોજેક્ટ અમલમાં મૂકેલ છે. જે અંતર્ગત વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન કુલ ૧૨૬ બાળકોની રૂા.૪,૮૭,૧૭૫/- રીક્ષા સહાય ચૂકવેલ. ભંડોળની ઉપલબ્ધિ મુજબ વધુ ને વધુ સંખ્યાને આવરી લેવા અમારો પ્રયાસ છે.

♦ **નાઈશા વી. શાહ સ્ટાફ વેલફેર કોર્પસ ફંડ…**

સંસ્થા દ્વારા સ્ટાફ પરિવારની પણ કાળજી લેવામાં આવે છે. તે અંતર્ગત કર્મચારીઓને મેડિકલ તેમજ શૈક્ષણિક સહાયની યોજના કાર્યરત છે. ''નાઈશા વી. શાહ સ્ટાફ વેલફેર કોર્પસ ફંડ'' માટે દાતાશ્રી પ્રદિપભાઈ એ. શાહ તરફથી મળેલ અનુદાનનાં વ્યાજમાંથી સંસ્થાનાં ટ્રસ્ટ સેટ-અપનાં કર્મચારીઓને વર્ષ દરમ્યાન મેડિકલ સહાય રૂા.૩,૦૦૦/- તથા શૈક્ષણિક સહાય રૂા.૨,૦૦૦/- ચૂકવવામાં આવે છે. વર્ષ ૨૦૨૪-૨૫ દરમીયાન આ કોપર્સ ફંડ હેઠળ દાતાશ્રી તરફથી રૂા.૧,૦૦,૦૦૦/- નું અનુદાન મળેલ છે તેમજ સ્ટાફ પરિવારને દર વર્ષે ઈન્ક્રીમેન્ટ પણ આપવામાં આવે છે.



Education of child. Under this scheme, during the year under report, Rs. 1,00,000 were received from the donor. Trust set staff is also granted increment in their salay. Following Table narrates data of Educational and Medical Aid given to employees of our trust setup.

- **Distribution of Uniform :**
  All students of the school were given 1 pair of uniform at the cost of 1,26,000. The entire job of uniform distribution was very well managed by shri Parasbhai Parmar. We also received cooperation from P.N.R. Society in this project.
- **Nutritional food. :**
  Mal Nutrion Or Under nutrion is very common in our children. Therefore with a view to provide them nutrional food, All the students of the school are given snacks so that they can get and eat nutrional food. The real needy students are also given lunch from school. Over and above, lunch and snacks are given regularly by the donors and well wishers also. All the arrangements are related to this is looked after by shri Bhavishaben Parekh.
- **Scholarship :** From Government of Gujarat, 161 students of our school received a scholarship of Rs.1500/- each student. Entire work for this scheme was carried out by our computer operator shri Mayrbhai Rathod under the guidance of Principal shri Meghjibhaisaybani.
- **Sarv shiksha Abhiyan (education to all ) project :**
  under this project we have received Rs. 2,25,452/- during the year 2024-2025 as help from our parent Institute P.N.R. Society.
- **ADP Scheme- sadhan sahay yojna :** under the Adp scheme, District Social Defense department carried out an assessment Program of the children of our school. Total 185 children were assessed who will get Sadhan Sahay – Instruments kit from ELIMCO company undertheir ADP scheme. In this camp all teachers and students of TTC were involved. Principal Shri Meghjikhan Saybani coordinated the event in a nice manner. Over and above our teachers of government and out sourcing also took responsibility of assessment at Taluka level.




| ક્રમ | વર્ષ | કર્મચારીની સંખ્યા | શૈક્ષણિક સહાય | રિક્ષા સહાયની રકમ રૂા. |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૨૩-૨૪ | ૩૧ | ૪૦,૯૧૫/- | ૮૧,૯૪૧/- |
| ૨ | ૨૦૨૪-૨૫ | ૩૩ | ૪૬,૦૦૦/- | ૯૮,૬૯૦/- |

♦ **યુનિફોર્મ વિતરણ...**

શાળામાં તાલીમ મેળવતા દરેક બાળકોને ૧ જોડી યુનિફોર્મ રૂા.૧,૨૬,૦૦૦/- ના ખર્ચે આપવામાં આવેલ. યુનિફોર્મ વિતરણનું કાર્ય શ્રી પારસભાઈ પરમારે સુંદર રીતે પૂર્ણ કરેલ. જેમાં પી.એન.આર. સોસાયટીનો સહયોગ સાંપડયો છે.

♦ **પોષણક્ષમ આહાર...**

મંદબુધ્ધિ બાળકોમાં કુપોષણની સમસ્યા સામાન્ય હોય છે આથી શાળામાં તાલીમ મેળવતા દરેક બાળકોને પોષણયુકત આહાર મળી રહે તે માટે પૌષ્ટિક નાસ્તો આપવામાં આવે છે તેમજ અતિ જરૂરિયાત વાળા બાળકોને શાળા તરફથી ભોજન પણ આપવામાં આવે છે. સાથોસાથ દાતાશ્રીઓ તેમજ શુભેચ્છકો તરફથી પણ નિયમિત પણે ભોજન તેમજ નાસ્તો આપવામાં આવે છે. આ વ્યવસ્થા શ્રી ભાવિષાબેન પારેખ સંભાળી રહ્યાં છે. આ યોજનાને સુંદર પ્રતિસાદ મળી રહ્યો છે.

♦ **સ્કોલરશીપ યોજના...**

રાજય સરકારશ્રી દ્વારા શાળામાં તાલીમ મેળવતા ૧૬૧ બાળકોને રૂા.૧,૫૦૦/- ની સ્કોલરશીપ મળેલ છે જે અંગેની સંપૂર્ણ કામગીરી શાળાના આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીનાં સંકલન હેઠળ શ્રી મયુરભાઈ રાઠોડ દ્વારા કરવામાં આવી હતી.

♦ **સર્વ શિક્ષા અભિયાન પ્રોજેક્ટ...**

માતૃ સંસ્થા પી.એન.આર. સોસાયટી તરફથી સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત શાળાને વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન રૂા.૨,૨૫,૪૫૨/- ની સહાય મળેલ છે.

♦ **એડીપ સ્કીમ - સાધન સહાય યોજના**

